RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૫૮ ● તારીખ: ૧૭-૦૯-૨૦૨૫, બુધવાર ● પાના : ૦૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# દેવભૂમિમાં કુદરતનું તાંડવ: વાદળ ફાટતાં ૧૦ના મોત



દેહરાદૂન અને તેની આસપાસના વિસ્તારોમાં ગઈકાલથી થઈ રહેલા મુશળધાર વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. આ કુદરતી આફતમાં દસ લોકોના મોત થયા છે. જ્યારે આઠ ગુમ છે. સહસ્ત્રધારા નજીક પૂરના કારણે ભારે નુકસાન થયું છે.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દુર્ઘટનાગ્રસ્ત વિસ્તારો અને પૂરપીડિતોને સંભવિત તમામ મદદ કરવા આશ્વાસન આપ્યું છે. માલદેવતા ક્ષેત્રમાં નદીમાં પૂર આવતાં રસ્તાઓ, પુલ જળમગ્ન બન્યા છે. રિસ્પના અને બિંદાલ નદીનું જળસ્તર વધતાં નીચાણવાળા વિસ્તારો ડૂબ્યા છે. ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. અનેક દુકાનો અને હોટલ પાણીમાં વહી ગઈ છે.દેહરાદૂન-પાંવટા નેશનલ હાઈવે પર પ્રેમનગર નંદા પોલીસ સ્ટેશન નજીક બ્રિજ પાણીમાં તણાઈ જતાં પરિવહન સેવા ખોરવાઈ છે. મસૂરી-દહેરાદૂન રસ્તામાં અનેક જગ્યાએ ભૂસ્ખલનની ઘટના બની છે.

આસન નદીમાં ટ્રેક્ટર ટ્રોલી વહી જતાં ૧૩ લોકો ગુમ થયા હતા. જેમાં પાંચના મૃતદેહ મળી આવ્યા છે. અન્યની શોધ ચાલુ છે. અન્ય એક સ્થળેથી પૂરના કારણે ૧૦ના મોત થયા હતા. જ્યારે આઠ લોકો તણાઈ ગયા છે. કાલસી ચકરાતા મોટર માર્ગ પર જજ રેટ પહાડ પર ભૂસ્ખલન થતાં સ્કૂટી સવાર યુવકનું મોત થયું હતું. મસૂરીના ઝડીપાનીથી રાજપુર જતાં પગદંડી નજીક પણ ભૂસ્ખલન થતાં બે લોકો કાટમાળ નીચે દબાયા હતા. જેમાં એકનું મોત થયુ હતું. ઠેરઠેર કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે. દહેરાદૂનમાં આભ ફાટતાં શાળાઓ બંધ રાખવામાં આવી છે.

દેવભૂમિ ઈન્સ્ટીટ્યુટ કેમ્પસમાં પાણી ભરાતાં ૨૦૦ વિદ્યાર્થીઓને રેસ્ક્યુ કરાયા હતા. એસડીઆરએફની ટીમે બચાવ કામગીરી હાથ ધરી હતી. વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રીએ ઉત્તરાંખડના સીએમ સાથે આ મામલે ફોન પર વાત કરી વિસ્તૃત માહિતી મેળવી હતી.

## બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન અંતર્ગત પ્રતિજ્ઞા લેવાઈ



દિનેશ પરમાર - ધંધોડા ગામે જસ્ટિસ રાઈટ ફોર ચિલ્ડ્રન્સ પ્રોજેક્ટ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં દિશા ડોન બોસ્કો કવાંટ દ્વારા સંચાલિત પ્રોગ્રામના ભાગરૂપે હાલ બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન અંતર્ગત સાંસદ સભ્ય જશુભાઈ રાઠવા તેમજ ધંધોડા ગામના કબીર સંપ્રદાયના ધાર્મિક આગેવાન મનુભાઈ તેમજ સરપંચ સુનિતાબેન રાઠવા તથા ઓલિઆંબા ગામના સરપંચ કિશોરભાઈ તથા આગેવાનો અને ગ્રામજનો અને જિલ્લામાંથી આવેલા તાલુકા પંચાયતના સભ્યશ્રીઓની આગેવાનીમાં બાળ લગ્ન નાબૂદી ઝુંબેશ અંતર્ગત બાળ લગ્ન વિશેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.-અખંડ ભારત

## રેલવેના મુસાફરો માટે મહત્ત્વના સમાચાર, જનરલ ટિકિટ બુકિંગમાં વધુ એક ફેરફાર




ભારતીય રેલવે દ્વારા ઓક્ટોમ્બરથી ઓનલાઈન ટિકિટ બુકિંગ કરવા પર નવી શરતો જાહેર કરવામાં આવી છે. નવા નિયમ મુજબ રેલ્વે IRCTC દ્વારા સામાન્ય ટિકિટ બુક કરાવવા માટે રિઝર્વેશન ખુલ્યાના ૧૫ મિનિટ પહેલા આધાર વેરિફિકેશન કરવું ફરજિયાત કરાયું છે. રેલવેનો આ નિર્ણય, હાલની વ્યવસ્થા હેઠળ તાત્કાલિક લાગુ કરવામાં આવી રહ્યો છે, તે હવે જનરલ કેટેગરીના રિઝર્વેશન પર પણ લાગુ થશે. રેલવે મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચના અનુસાર, નવા નિયમને લાગુ કરવાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે માત્ર જરૂરિયાતમંદ મુસાફરો જ રેલ્વે રિઝર્વેશન સિસ્ટમનો લાભ મેળવી શકે અને એજન્ટોનો ચક્રવ્યૂહ ખતમ કરી શકાય.ભારતીય રેલ્વેના જણાવ્યા પ્રમાણે, આ નવા નિયમના અમલીકરણથી અનધિકૃત રેલ્વે ટિકિટ એજન્ટોની મોનોપોલી ખતમ થશે. ભારતીય રેલ્વેના કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટર પર સામાન્ય અનામત ટિકિટ બુકિંગ માટે હાલની સમયપત્રક યથાવત રહેશે. આ સિવાય રજિસ્ટર્ડ રેલ્વે ટિકિટ એજન્ટો દ્વારા પહેલા દિવસે અનામત ટિકિટ બુકિંગ કરાવવા માટે ૧૦ મિનિટનો હાલનો પ્રતિબંધ કોઈપણ સુધારા વિના લાગુ રહેશે. ઉલ્લેખનીય છે કે, તત્કાલ ટિકિટ માટે આધાર વેરિફિકેશન પહેલાથી જ જરૂરી હતું. હવે સામાન્ય કેટેગરીના રિઝર્વેશન માટે પણ આધાર ચકાસણી લાગુ કરવામાં આવી છે.જો તમારુ IRCTC એકાઉન્ટ પહેલેથી આધાર સાથે લિંક છે તો, જનરલ કેટેગરી રિઝર્વેશન કરાવવું સરળ રહેશે.

તમારી ટિકિટ જલ્દીથી બુકિંગ થઈ જશે અને કન્ફર્મ પણ મળશે, વેઈટિંગનો ચાન્સ ન બરાબર હશે. મંત્રાલય અનુસાર IRCTC વેબસાઈટ અથવા એપ્સ પર સામાન્ય કેટેગરીમાં તત્કાલ ટિકિટની જેમ વિન્ડો ખુલ્યાના ૧૫ મિનિટ પહેલા જ આધાર વેરિફિકેશન કરાવવું જરુરી હતું. હવે જનરલ કેટેગરીના રિઝર્વેશન માટે આધાર વેરિફિકેશન લાગુ કરવામાં આવ્યું છે.

## ચાંદરાણી આઈકૃપા પદયાત્રી સેવા કેમ્પ નો પ્રારંભ



*બલરામ એસ.સાધુ - જગત જનની માં આઈ આશાપુરા માતા ના મઢ જતા પદયાત્રી માટે આજરોજ ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગા સાહેબ તથા સરહદ ડેરી ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ અને આઈકૃપા સેવા કેમ્પ ગ્રુપ મુંબઈ ના સભ્યો શ્રી શિવજીભાઈ સાંઢા કિશોરભાઈ. ગણેશભાઈ.માવજીભાઈ.ગોપાલભાઈ રમેશભાઈ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું જે કેમ્પ પદયાત્રી માટે દિવસ રાત ખુલ્લુ રહેશે સાથે આ આઈકૃપા સેવા કેમ્પ બારે માસ ખુલ્લું રહે છે અને ત્યાં રહેવા નહાવા ધોવાની જમવાની તમામ સુવિધા બારે માસ મળી રહે છે.-અખંડ ભારત*

## બોરસદમાં રહેણાંક ઘરમાં ચાલતા કુટણખાનાનો પર્દાફાશ



પરમાર હિરેનકુમાર - આણંદ જિલ્લાના બોરસદ-વહેરાની સીમ પાસે આવેલા ડી-માર્ટ પાછળ રહેઠાણક સોસાયટીઓ આવેલ છે ત્યાં એક સોસાયટી ના છેડાના એક ઘરમાં દેહવ્યાપારની પ્રવૃત્તિ છેલ્લા ૪-૫ વર્ષ થી ચાલતી હતી. આજુબાજુ ના રહીશો એ વારંવાર કમ્પ્લેઈન કરવા છતાં પોલીસ દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નહોતા.અચાનક જ આણંદ જિલ્લા SOG ની ટીમ દ્વારા રેડ પડતા ૩ સ્ત્રી, ૩ ગ્રાહકો અને ૨ વ્યક્તિ દેહવ્યાપાર ચલાવનાર કેતુલ વાળંદ ને પકડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

## ઠાસરામાં રીક્ષા અને બાઈક વચ્ચે સર્જાયો અકસ્માત



વસંતસિંહ રાઠોડ - ઠાસરા મામલતદાર કચેરી સામે રીક્ષા અને બાઈક વચ્ચે આજે વધુ એક અકસ્માત થવા પામ્યો હતો.વારંવાર આ માર્ગ ઉપર અકસ્માતની ઘટનાઓ બનતી હોવા છતાં તંત્ર દ્વારા અકસ્માત નિવારવા યોગ્ય પગલા લેવામાં ન આવતા નિર્દોષ લોકો અકસ્માતમાં ઈજા અને મોતને ભેટી રહ્યા છે.-અખંડ ભારત

## બરવાળામાં ઈનામ વિતરણ અને સન્માન સમારોહ યોજાયો



હિતેન મકવાણા - બરવાળા શહેરનાં તેજસ્વી વિધાર્થીઓને ઈનામ વિતરણ તથા શ્રી અરવિદંભાઈ કામદાર નું સીતારામ સેવા ટ્રસ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ- ૧ થી ૧૨ નાં તમામ સ્કુલનાં વિર્ધાથીઓનાં તેજસ્વી બાળકોને સન્માનપત્ર તથા ઈનામ વિતરણ કરી પ્રોત્સાહીત કરવામાં આવ્યા તથા તેમનાં ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવામાં આવી હતી. આ તકે બ્રિજરાજસિંહ ઝાલા ( ભાવનગર ભાજપ પ્રભારીશ્રી) , શ્રી અલ્પેશ પનારા ( શહેર ભાજપ પ્રમુખશ્રી) શ્રી પ્રતાપભાઈ બારડ , શ્રી ફિરોજભાઈ સાલેવાલા,શ્રી ધીરુભાઈ યાદવ (શિહોર), શ્રી મહેશભાઈ (શિવમ મિઠાઈ ધંધુકા) , શ્રી જૈન યુવક મંડળ , શ્રી સદસેવા ટ્રસ્ટ ના આગેવાનો વગેરે ગામ અગ્રાણીઓશ્રી હાજર રહીને સીતારામ સેવા ટ્રસ્ટ નાં આયોજનને બિરદાવ્યું હતું.-અખંડ ભારત

## ગોધરામાં પાણીની અછત વચ્ચે પીવાના પાણીનો બેફામ વેડફાટ




આશિષ કામદાર - ગોધરા શહેરના વોર્ડ નંબર ૬ માં આવેલ વાલી ફળિયા નંબર ૩ માં છેલ્લા એક મહિનાથી પાણી પુરવઠો બંધ છે સ્થાનિક રહીશોને પીવાના પાણી માટે મુશ્કેલી થઈ રહી છે આ વિસ્તારની મહિલાઓને પાણી લેવા માટે દૂર જવું પડે છે સ્થાનિક રહીશો ધ્વારા નગરપાલિકા કચેરીમાં વારંવાર રજૂઆત કરેલ છે પરંતુ કોઈ ઉકેલ આવતો નથી રહીશોનું કહેવું છે કે વોર્ડના કાઉન્સિલરો વિસ્તારમાં દેખાતા નથી અને ચૂંટણી વખતે વોટ માંગવા આવનારા પ્રતિનિધિઓ પણ હવે તેમની સમસ્યાઓ સાંભળવા તૈયાર નથી ત્યારે નગરપાલિકા સામે લોક રોષ જોવા મળી રહ્યો છે સ્થાનિકોએ ચીમકી આપી છે કે જો તાત્કાલિક ધોરણે પાણી પુરવઠો શરૂ નહીં થાય તો તેઓ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન પણ કરશે આમ વાલી ફરિયા-૩ ના રહીશોમાં નગરપાલિકાની કામગીરી પ્રત્યે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ અગાઉ જ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં ૧ માં પાણીની લાઈનમાં ભંગાણ થયું હતું જે બાબતની જાણ સ્થાનિક રહીશો ધ્વારા નગર પાલિકા ને કરેલ હતી તેમ છતાં પાલિકા કર્મચારી ની બેદરકારી ના કારણે લાખો લિટર પાણીનો વેડફાટ થયો હતો ત્યારે બીજી તરફ ગોધરા શહેરના જ વોર્ડ નં ૬ માં પાણી મળતું નથી ની સમસ્યા સામે આવી છે .-અખંડ ભારત

## ઘોડાસર,વટવામાં રકતદાન કેમ્પ યોજાયો

*અવિનાશકુમાર તિવારી - મેઘદૂત વિદ્યાવિહાર ના આચાર્ય શ્રી ભાર્ગવી બેન પંડ્યા, શૈક્ષણિક સંસ્થાઓ, મદદગાર પરિવારો અને કર્મચારી સ્ટાફ સાથે રહી ને રક્તદાન કરવા મોટી સંખ્યા માં વાલીમિત્રો સ્ટાફ મિત્રો અને, ૧૮ વર્ષ થી ઉપરના વિદ્યાર્થીઓવડાપ્રધાન નરેન્દ્ર મોદી જી ના જન્મ દિવસ નિમિત્તે એક દિવસ માં સૌથી વધુ લોકો દ્વારા બ્લડ ડોનેશન કરી રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત*

## બાબરાના અમરવાલપુર ગામના તળાવનું ૨૨ લાખના ખર્ચે રીપેરીગ કરાશે



જયેશભાઈ મકવાણા

બાબરા તાલુકાના અમરવાલપુર ગામમાં આવેલા તળાવના સમારકામ માટે રાજ્ય સરકારે ૨૩ લાખનો ખર્ચ મંજૂર કર્યો છે. આ તળાવના રિપેરિંગની સૈદ્ધાંતિક મંજૂરી મળતાં સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ છે. આ કામગીરી માટે ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયાએ સતત રજૂઆતો કરી હતી.અમરવાલપુર ગામનું આ તળાવ છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં હતું. વરસાદી પાણીનો સંગ્રહ ન થવાને કારણે આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળના સ્તરમાં ઘટાડો થયો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, લાઠી-બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયાએ સરકારમાં અનેકવાર રજૂઆતો કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે ૨૩ લાખના ખર્ચે તળાવના સમારકામ માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે.આ કામગીરીમાં તળાવનું નવીનીકરણ, પાળાનું સમારકામ, ઊંડું ઉતારવું અને ગેટ-રેલિંગ સહિતના કામો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી પાણીનો સંગ્રહ વધશે, જેનાથી ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવશે અને ખેડૂતોને પણ ફાયદો થશે. તળાવના વિકાસથી ગામની સુંદરતામાં પણ વધારો થશે અને પશુઓ માટે પણ પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. ધારાસભ્ય શ્રી તળાવીયાએ આ મંજૂરી બદલ રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગનો આભાર વ્યક્ત કર્યો છે.-અખંડ ભારત

## તંત્રી લેખ......

# ભારતમાં નવેમ્બરથી શરૂ થશે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ કેમ્પેઈન

ભારત સરકાર પેન્શન કલ્યાણ વિભાગ ટૂંક સમયમાં દેશભરમાં ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ કેમ્પેઈન ૪.૦ શરૂ કરવા જઈ રહ્યું છે. આ અભિયાન ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. આ શિબિરોનું આયોજન દેશના દરેક જિલ્લાઓમાં અને પેટા વિભાગોમાં કરવામાં આવશે. વૃદ્ધો અને દિવ્યાંગ પેન્શનરો માટે ઘરે ઘરે જઈને આ સુવિધા પૂરી પાડવામાં આવશે. મોટાભાગની બેંકો અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક આમાં મદદ કરશે.

સ્ટેપ ૧:- સૌથી પહેલા તમારા સ્માર્ટફોન પર ગૂગલ પ્લે સ્ટોર પર જાઓ. ત્યાં 'આધાર ફેસ આરડી એપ્લિકેશન' શોધો. આ એપ ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરો. આ એપ્લિકેશન પૃષ્ઠભૂમિમાં કામ કરે છે અને જીવન પ્રમાણ એપ્લિકેશન માટે આવશ્યક છે.

સ્ટેપ ૨ :- જીવન પ્રમાણ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો એપ્લિકેશન ઈન્સ્ટોલ કર્યા પછી, ગૂગલ પ્લે સ્ટોર અથવા એપ સ્ટોર પરથી જીવન પ્રમાણ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો. આ એપ્લિકેશન જીવન પ્રમાણપત્ર સબમિટ કરવા માટેની મુખ્ય એપ્લિકેશન છે.

સ્ટેપ ૩ : ઓપરેટર ઓથેન્ટિકેશન હવે જીવન પ્રમાણ એપ્લિકેશન ખોલો. તમે ઓપરેટર ઓથેન્ટિકેશન સ્ક્રીન જોશો. આ માહિતી ક્યાં ભરવી.

તમારો આધાર નંબર દાખલ કરો.
મોબાઈલ નંબર દાખલ કરો.
ઈમેઈલ સરનામું દાખલ કરો.
સબમિટ બટન દબાવો.

સ્ટેપ ૪ : સબમિટ કર્યા બાદ સ્ક્રીન ખુલશે, જ્યાં તમારે ફરીથી ફેસ સ્કેન માટે સંમતિ આપવી પડશે. અહીંથી સર્ટિફિકેટ ડાઉનલોડ કરવા માટે જીવન પ્રમાણની વેબસાઈટ પર જાઓ. ત્યાં તમારું આઈડી દાખલ કરો. પ્રમાણપત્ર ડાઉનલોડ કરવામાં આવશે.

૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરનાં પેન્શનરો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તેઓ ઓક્ટોબર ૨૦૨૫ થી જ તેમનું જીવન પ્રમાણપત્ર સબમિટ કરી શકે છે. આનાથી તેમના પેન્શનમાં કોઈ અવરોધ નહીં આવે. પેન્શન વિભાગના ઓફિસ મેમોરેન્ડમ અનુસાર, બેંકોએ ૧ ઓક્ટોબર, ૨૦૨૫ થી સુપર સિનિયર પેન્શનરો માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની સુવિધા તેમની શાખાઓમાં શરૂ કરવી પડશે. હેરો પ્રમાણીકરણ દ્વારા જીવન પ્રમાણપત્ર કેવી રીતે સબમિટ કરવું? હવે પેન્શનરો માટે જીવન પ્રમાણપત્ર જમા કરાવવાનું વધુ સરળ બની ગયું છે. ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજી દ્વારા તેઓ ઘરે બેઠા આ કામ કરી શકે છે. ઓપરેટર ઓથેન્ટિકેશન ફક્ત એક જ વાર કરવું પડશે.પેન્શનર પોતે ઓપરેટર બની શકે છે.ઓપરેટર બહુવિધ પેન્શનરોનું ડિજિટલ જીવન પ્રમાણપત્ર બનાવી શકે છે.

# ઘંટીયાળી ગામે પાણીનો નિકાલ કરવા ગ્રામજનોની માંગ



ભરતભાઈ વરણ

અતિ ભારે વરસાદના કારણે સમગ્ર સરહદી વિસ્તારોને ઘમરોળી નાખ્યો હતો ત્યારે તેમાં થરાદ તાલુકાનું ગામ ઘંટીયાળી ગામ પણ બાકાત રહી શક્યું ન હતું સતત ત્રણ દિવસ વરસેલા અનરાધાર વરસાદને કારણે જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી જ્યાં જુઓ ત્યાં પાણી અને પાણી જ હતું. રહેણાંકના મકાનોમાં તેમજ શેરીઓમાં કેડ સમા પાણી ભરાઈ જવા પામ્યા હતા. કેટલાક લોકોને ઘરોમાં પાણી ભરાઈ જવાના કારણે ઘરવખરી નાશ પામી હતી અને કેટલાક લોકોને ગ્રામ પંચાયત અને અન્યત્ર ઊંચાણવાળા વિસ્તારોમાં સ્થળાંતર કરવાનું ફરજ પડી હતી. અતિ ભારે વરસાદને કારણે ગામમાં કેટલાક પશુઓ નું મોત થયા હતા ઉલ્લેખનીય છે કે વરસાદ બંધ થયા ને એક અઠવાડિયા જેટલો સમય થઈ ગયા હોવા છતાં હજુ સુધી તંત્ર દ્વારા ઘંટીયાળી ગામે પાણીના નિકાલ માટે નો કોઈ જ કામગીરી કરવામાં આવી નથી બાબુભાઈ ભાટિયા સહિતના આગેવાન તેમજ ગ્રામજનોએ થરાદ તંત્રને રજૂઆત કરવા ગયેલા તંત્ર દ્વારા દીલાસો આપેલો કે પાણીનો નિકાલ કરી આપીશું પરંતુ હજુ સુધી પાણીનો નિકાલ થઈ શક્યો નથી તો સમગ્ર ગ્રામજનોની રજૂઆત છે કે ગામમાં ભરયેલા વરસાદી પાણીનો નિકાલ તાત્કાલિક ધોરણે કરી આપવામાં આવે અને જો આ વરસાદી પાણીનો નિકાલ નહીં કરવામાં આવે તો મેલેરિયા. કમળો. ડેગ્યુ અને પ્લેગ જેવા મહા ભયંકર રોગચાળો ફાટી નીકળવાની શક્યતાઓ છે અને ગામમાં જવાના મેઈન રસ્તા ઉપર ઘૂંટણ સમા પાણી ભરાઈ જવાના કારણે શાળાએ જતા નાના ભૂલકાઓ તેમજ ગ્રામજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને ખેતરો મિની સરોવર બની ગયા છે તો તંત્ર આ બાબતે તાત્કાલિક નિર્ણય કરે અને પાણીનો નિકાલ કરવા માંગ ઊઠી છે.-અખંડ ભારત

# જૂનાગઢ સિવિલમાં એમ્બ્યુલન્સ માટનો રેમ્પ ૧૦ વર્ષથી અધુરો

કિશન બહેચા

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને તાત્કાલિક સારવાર અને ઝડપથી એમ્બ્યુલન્સ પ્રવેશ સુલભ બનાવવા માટે વર્ષો પહેલા રેમ્પનું નિર્માણ શરૂ કરાયું હતું. પરંતુ શરમજનક હકીકત એ છે કે આ રેમ્પને પૂર્ણ થયા વગર જ ૧૦ વર્ષ વીતી ગયા છે અને આજદિન સુધી તેનો ઉપયોગ શરૂ થયો નથી.લોકો દ્વારા જાણવા મળ્યુ કે હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓનો જવાબ વધુ ચોંકાવનારો છે.

તેમનું કહેવું છે કે "હજુ સુધી એવી કોઈ તાત્કાલિક પરિસ્થિતિ સર્જાઈ



જ નથી? કે રેમ્પની જરૂર પડે." ? આ નિવેદન તંત્રની ઉદાસીનતા અને બેદરકારીને સ્પષ્ટ કરે છે અને જાહેર આરોગ્ય પ્રણાલીની નબળી હાલતનું દર્પણ બનીને ઉભું રહે છે.આ રેમ્પની બાજુમાં મૂકાયેલ અંદાજિત ૫ લાખ રૂપિયાનું જનરેટર વર્ષોથી બિનઉપયોગી રહીને હવે સંપૂર્ણપણે ભંગાર બની ગયું છે. આ માત્ર પ્રજા અને સરકારના નાણાંનો બગાડ જ નથી, પરંતુ સામાન્ય જનતાના આરોગ્ય અને સલામતી પ્રત્યેની તંત્રની નિષ્ક્રિયતા અને જવાબદારીના અભાવનું જીવંત ઉદાહરણ છે.દસ વર્ષથી અધૂરું પડેલું રેમ્પ, લાખોનું જનરેટર ભંગાર અને અધિકારીઓના જવાબદારી ટાળવાના નિવેદનો — આ બધું મળીને આરોગ્ય પ્રણાલીમાં વ્યાપક બેદરકારી અને ભ્રષ્ટાચાર તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. હવે સવાલ એ છે કે આ લાપરવાઈ માટે જવાબદારી કઈ કક્ષાએ નક્કી થશે અને કાર્યવાહી ક્યારે થશે?-અખંડ ભારત

# બનાસકાંઠાના પૂર પિડીતો દ્વારા આવેદનપત્ર અપાયા

ભરત સિંહ રાજપૂત - વાવ તાલુકા ના બાલુત્રી ગામ માં ભારે વરસાદ ના કારણે નીચાણ વાળા વિસ્તાર માં પાણી ભરાઈ ગયું હતું જેથી કેટલાય પરિવાર ઘર વિહોણા થયા હતા એટલે આ પરિસ્થિતિને કારણે ગ્રામજનો ભેગાં મળીને પાણી નો નિકાલ અને નુકસાન અંગે સહાય ની માંગ સાથે ગામ ના લોકો ટ્રેક્ટર પર બેસીને થરાદ પ્રાત અધિકારી ને આવેદન પત્ર આપવા પહોંચ્યા હતા.-અખંડ ભારત

# અસાયડીમાં સાફ -સફાઈ હાથ ધરાઈ



વણકર દશરથભાઈ - દાહોદ જિલ્લાના અસાયડી ગ્રામ પંચાયત ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ ઉજવણી તેમજ ૨ ઓક્ટોબર ગાંધી જયંતી નિમિત્તે એક પખવાડીયું સાફ-સફાઈ અભિયાન તેમજ વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવનાર હોઈ જે અંતર્ગત અસાયડી ગામના પ્રથમ નાગરિક એવા રતનસિંહ એસ.પટેલ તેમજ અર્ચનાબેન પટેલ તલાટી કમ મંત્રી તથા ગ્રામજનો સાફ-સફાઈ અભિયાન માં જોડાયા હતા.-અખંડ ભારત

# ખેડાસા ગામે પ્રાકૃતિક ખેતીનું જીવંત પ્રદર્શન




રાકેશકુમાર સોઢાપરમાર - ખેડૂતોને આર્થિક સ્વતંત્રતા, જમીનની ઉપજાઉ શક્તિમાં વધારો અને પર્યાવરણ સંરક્ષણ — આ ત્રિપુટિ હાંસલ કરવા માટે પ્રાકૃતિક ખેતી એક મજબૂત વિકલ્પ બની રહ્યું છે. બોરસદ તાલુકાની તમામ શાળાના આચાર્યશ્રીઓને આ વિષય પ્રત્યે પ્રેરણા આપવા અને વાસ્તવિક અનુભવ કરાવવા માટે વિશેષ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમો આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે ૧૨મી ઑગસ્ટ અને ૧૯મી ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ ખેડાસા ગામે યોજાયા હતા. બંને દિવસમાં મળીને કુલ ૧૨૦ જેટલા શાળા આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા.ખેડાસા ગામના પ્રગતિશીલ ખેડૂત પ્રવીણભાઈ મહીજીભાઈ ઝાલા વર્ષ ૨૦૨૧થી સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. તેઓ મોસમી તથા બહુવિધ પાકોનું ઉત્પાદન કરે છે અને ખેતરમાં મલ્ચિંગ પદ્ધતિનો સફળ અમલ કરી રહ્યા છે.

તેમણે પોતાના ખેતરમાં ઉપસ્થિત તમામ આચાર્યશ્રીઓને લઈ જઈને જીવંત પ્રદર્શન આપ્યું. તાલીમ દરમિયાન જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃત બનાવવાની પ્રક્રિયા તબક્કાવાર સમજાવી. સાથે સાથે આ દ્રાવણો જમીન, પાક અને માનવ આરોગ્ય માટે કેવી રીતે લાભકારી છે તેની અસરકારક ચર્ચા કરી.સ્થળ પર જ આચાર્યશ્રીઓએ દ્રાવણોની રચના, ઉપયોગની પદ્ધતિ અને પરિણામ અંગે ઊંડાણપૂર્વક પ્રશ્નો પૂછ્યા અને ઉત્સાહપૂર્વક ચર્ચા કરી. ઘણા આચાર્યશ્રીઓ માટે આ પહેલી જ વાર પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડેલા પાકનો અનુભવ હતો, જે તેમના માટે અનોખો અને પ્રેરણાત્મક રહ્યો હતો.આ પ્રસંગે આત્મા સ્ટાફમાંથીબ્લોક ટેકનોલોજી મેનેજર શ્રી રાકેશ પરમાર, આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર શ્રી નરેન્દ્રસિંહ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના જિલ્લા પ્રોજેક્ટ મેનેજર ડૉ. શક્તિ રઘુવંશ, તાલુકા પ્રોજેક્ટ મેનેજર શ્રી પ્રકાશભાઈ રાઠોડ, માસ્ટર ટ્રેનર કમ રેસોર્સે પર્શન શ્રીમતી હેમાલીબેન પંડ્યા તેમજ માર્કેટિંગ, પ્લાનિંગ અને પ્રમોશન કન્સલ્ટન્ટ શ્રી એલેક્ષ મેકવાન હાજર રહ્યા હતા.તેમણે આચાર્યશ્રીઓને પ્રાકૃતિક ખેતીના બહુમુખી ફાયદા, જમીનની તંદુરસ્તી જાળવવાની અસરકારક રીતો અને ખેડૂતો સુધી આ જ્ઞાન પહોંચાડવા માટે શાળા સ્તરે હાથ ધરાય શકતી પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.-અખંડ ભારત

# હેપી બર્થ ડે ટુ પ્રાઈમ મિનિસ્ટર ઓફ ઈન્ડિયા.મા.નરેન્દ્રભાઈ મોદી ને વંદન

(અંક નંબર ૪૫૭)

ન ભૂતો ન ભવિષ્યતી એવો.....ચમત્કાર ચમત્કાર અને ચમત્કાર ગણી શકાય તેવું વ્યક્તિત્વ,ગુજરતના એક નાનકડા ગામમાંથી અને નાનકડા પરિવારમાંથી વિશ્વવિભૂતિ બનનાર આપણા સૌના લોકલાડીલા નરેન્દ્રભાઈ મોદીનો આજે ૭૫ મો જન્મ દિવસ છે. રાજકારણના પંડિતો કહે છે તેમ કદાચ સીધે સીધી ચૂંટણી લડવામાં આવી હોત તો ગ્રામ પંચાયતના સદસ્ય થવુ પણ જેમના માટે શક્ય ન હતું !!! જેમણે સમગ્ર ભારત વર્ષમાં રાજકારણમાં પ્રવેશતા પહેલા કોઈજ રીતે પોતાનું અનોખું એવું વ્યક્તિત્વ ક્યાંય જાહેર મંચ પર રજૂ કર્યું ન હતું ! તેમ છતાં આજે વિશ્વની સૌથી મોટી લોકશાહીના વડાપ્રધાન પદે સતત ત્રણ વખત આરૂઢ થનાર ગરીબ ઘરના છોકરા એવા નરેન્દ્રભાઈ મોદી માટે જન્મદિવસની હેપી બર્થ ડે વિશ વિશ્વની મહાસત્તાઓ સાથે અનેક દેશોની મીડિયામાં હેડલાઈન બની છે. આનાથી બીજો મોટો કયો ચમત્કાર હોઈ શકે? આ સદીમાં આવું અનોખું વ્યક્તિત્વ દુનિયાના કોઈ દેશમાં ઊભું થયું નથી.રાજકીય પંડિતો ગમે તે કહે ભવ્ય ભૂતકાળ એનો સાક્ષી છે. ભલભલા રાજવીઓએ પણ સહન કરવું પડ્યું છે. અરે ભગવાને પણ વનવાસ વેઠવો પડ્યો છે. કૃષ્ણ જેવા મહાપુરુષને પણ એમની હયાતીમાં સ્વીકારવામાં શંકા કુશંકા થતી હતી. ત્યારે આ એક સામાન્ય વ્યક્તિત્વ આટલી બધી ઊંચાઈ સર કરી શકે એ માત્ર ચમત્કાર સિવાય બીજું કંઈ જ નથી પછી આપ સૌ જે સમજો તે. .હેપી બર્થ ડે નરેન્દ્ર મોદી

અનેક હકારાત્મક અને નકારાત્મક સ્ટેટમેન્ટોની વચ્ચે પણ મોદી સાહેબની છબી હજુ સુધી ખરડાઈ નથી. લોકોએ અનેક પ્રકારના મિમ બનાવ્યા છે. એમને જુઠ્ઠા પણ ગણાવ્યા છે અને વચનથી ડગી જનારા પણ લખ્યા છે.આજે અનેક લેખકો, પત્રકારો, વિદ્વાનો અને જીવનચરિત્રકારોએ મોદીના વ્યક્તિત્વને ઊર્જાવાન, વિચિત્ર, ઘમંડી અને કરિશ્માઈ ગણાવ્યું છે.છતાં પણ વિશ્વમાં તેમના વડા પ્રધાનપદ દરમિયાન મોદીને સતત ઉચ્ચ મંજૂરી રેટિંગ મળ્યા છે. નેતાઓના પોતાના દેશોમાં કરવામાં આવેલા સર્વેક્ષણોમાં તેઓ સતત સૌથી લોકપ્રિય નેતાઓની યાદીમાં ટોચ પર રહ્યા છે.

ખૂદ મોદીજીએ લખ્યું છે કે પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?

હું પડકાર ઝીલનારો માણસ છું
હું તેજ ઉછીનું લઉં નહી
હું જાતે બળતું ફાનસ છું.
ઝળાહળાનો મોહતાજ નથી
મને મારું અજવાળું પૂરતું છે
અંધારાના વમળને કાપે
કમળ તેજતો સ્ફુરતું છે
ધુમ્મસમાં મને રસ નથી
હું ખુલ્લો અને નિખાલસ છું
પ્રારબ્ધને અહીંયાં ગાઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું
કુંડળીને વળગવું ગમે નહીં
ને ગ્રહો કને શિર નમે નહીં
કાયરોની શતરંજ પર જીવ
સોગઠાબાજી રમે નહીં
હું પોતે જ મારો વંશજ છું
હું પોતે મારો વારસ છું
પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું
-નરેન્દ્ર મોદી

ગુજરાતના પનોતા પુત્ર અને ઉત્તર ગુજરાતનું રક્ત જેમની રક્તવાહિનીઓમાં ઘૂમે છે. એવા સૌના લોકપ્રિય રાષ્ટ્ર પ્રેમી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માટે આજે ગુજરાતમાં અનેરો મહોત્સવ થશે.PM મોદીનો જન્મદિવસ છે અમદાવાદમાં વિશ્વનો સૌથી મોટો બ્લડ ડોનેશન કેમ્પ, ૫ હજાર ડોક્ટરો અને ૨૫૦૦૦ ટેકનિશિયનો અને લાખો લોકોનું મહા રકતદાન.....

આ રક્તદાન કેમ્પનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે. ગઈકાલથી સમગ્ર ગુજરાતમાં રક્તદાન એકત્રિત કરવામાં આવી રહ્યું છે લોકો સ્વયંભૂ રક્તદાન કરી રહ્યા છે. ઠેર ઠેર ગુજરાત રાજ્ય કર્મચારી મંડળ દ્વારા પણ રકતદાન કાર્યક્રમ થઈ રહ્યા છે.

આજે બ્લડ ડોનેશન કેમ્પ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કરવામાં આવશે, જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ અને અભિનેતા વિવેક ઓબરોય સહિતના અનેક લોકો હાજર રહેશે. કોલ્ડ પ્લે માટે લોકો મોટી સંખ્યામાં અમદાવાદ આવી શકે છે, તો બ્લડ ડોનેશન કેમ્પમાં કેમ ના આવી શકે ? ગુજરાતની તમામ બ્લડ બેન્કમાં બોટલોને એકઠી કરીને મોકલવામાં આવશે. ૨૦૦ થી વધારે બ્લડ બેંકો આમાં જોડાશે. દેશભરમાં આયોજિત મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ૭૫૦૦૦ યુવાનો ૪૦૦૦ રક્ત બેંકો અને એક લાખ જેટલા સેવકોની ભાગીદારીથી આ રક્તદાનને સફળ બનાવવામાં આવશે.આ બ્લડ ડોનેશન કેમ્પ વિશે તેરાપંથ યુવક પરિષદના મુકેશ ગુગલીયાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે વિશ્વના સૌથી મોટો બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં તમામ પ્રકારની વ્યવસ્થાઓ અને તૈયારીઓ કરવામાં આવી છે. સવારે ૭ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી આ બ્લડ ડોનેશન કેમ્પ ચાલશે, એના માટે તમામ લોકોને ટોકન આપવામાં આવશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ગેટ નંબર ૧ ઉપરથી લોકો અને ગેટ નંબર ૨ અને ૩ પરથી જે લોકો વાહન લઈને પ્રવેશ કરે છે, ત્યાંથી આવી શકશે અને ૪ નંબર ગેટ પરથી VVIP એન્ટ્રી રાખવામાં આવી છે.

આવો, નક્કર વિચારસરણીને વળેલા આ માણસના જન્મદિવસે રાજકારણને બાજુ પર રાખીને પણ દેશપ્રેમ દર્શાવવા માટે નરેન્દ્ર મોદી સાહેબને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવા માટે એમના માનમાં ઉજવવામાં આવતા પખવાડામાં અનેક પ્રવૃત્તિઓ થવાની છે. એમાં સહભાગી થઈએ, રક્તદાન કરીએ અને એમણે ૭૫ વર્ષની આયુમાં દેશને વિશ્વ કક્ષાએ ગણતરીમાં લેતો કર્યો છે એને વધાવી લઈએ એ જ શુભેચ્છા સાથે રામે ....... રામ....

**મેનેજિંગ તંત્રી**



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ કાર્ય પ્રગતીના પંથે




કુંજ પરમાર - નવસારી જિલ્લાના કેશલી ગામમાં નિર્માણાધીન બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનની અનોખી ડિઝાઈન સાથે આકાર લઈ રહ્યું છે.

સ્થાનિક કેરીની વાડીઓથી પ્રેરીત સ્ટેશનનું ફસાડ ડિઝાઈન આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. સ્ટેશનનો કુલ બાધકામ વિસ્તાર ૩૮,૩૯૪ ચોરસ મીટર છે. જમીનથી ટ્રસની ટોચ સુધીની ઉચાઈ ૨૦.૫ મીટર રાખવામાં આવી છે. મુસાફરોની સગવડ માટે લિફ્ટ, એસ્કેલેટર બિઝનેસ કલાસ લાઉન્જ અને બાળ સંભાળ કેન્દ્ર જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. સ્ટેશન માળખું ગ્રાઉન્ડ ફલોર પરકોન્કોર્સ અને પહેલા માળે પ્લેટફોર્મ ધરાવે છે. પ્લેટફોર્મની બંને બાજુએ કુલ ૪ ટ્રેક આવેલા છે. હાલમાં રેલ અને પ્લેટફોર્મની સ્લેબ કાસ્ટિંગ તેમજ સ્ટ્રકચરલ સ્ટીલનું કામ પૂર્ણ થયું છે.

આર્કિટેકચરલ ફિનિશિંગ સાથે મેકેનિકલ ઈલેક્ટ્રિકલ અને પ્લમ્બિંગનું કામ પ્રગતિ પર છે. ગુજરાત,દાદરા નગર હવેલી, મહારાષ્ટ્રમાં જમીન સંપાદનનું કાર્ય ૧૦૦ ટકા પૂર્ણ થયું છે બુલેટ ટ્રેન કરિડોર પર કુલ ૨૪ નદી પુલો પૈકી ૮ નદી ઓ પરના પુલનું કામ પૂર્ણ થયું છે.

પાર પૂર્ણા ,મીઢોળા અંબીકા, ઔરંગા,વેગણીયા , મોહર અને ધાધર નદી પર પુલ તૈયાર છે. નર્મદા તાપી મહી અને સાબરમતી નદી પર કામ ચાલુ છે.-અખંડ ભારત

# જુનાગઢ દ્વારા ભવ્યાતી ભવ્ય રાસ ગરબા મહોત્સવ ૨૦૨૫ યોજાશે



ટીલાવત જનકરાય - આગામી ૨૨ તારીખથી નવરાત્રી શરૂ થઈ રહી છે ત્યારે શ્રી સમસ્ત ક્ષત્રિય મહિલા સંગઠન જુનાગઢ શહેર દ્વારા આ વર્ષે પણ સંપૂર્ણ માન મર્યાદા મોભા પરંપરા અને સંસ્કૃતિ સાથે ભવ્યાતિ ભવ્ય ગરબીનું આયોજન કરવામાં આવ્યું છે આ ગરબીની સૌથી મોટી વિશેષતા એ છે કે આ ગરબીની અંદર માત્ર બહેનો જ રાસ લઈ શકશે અને ત્યાં પુરુષોને ભાઈઓને એન્ટ્રી પણ આપવામાં આવતી નથી વર્તમાન સમયમાં નવરાત્રીનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે ત્યારે આ એકમાત્ર જૂનાગઢની એવી ગરબી છે કે ત્યાં હજુ પણ માત્ર બહેનોને જ અને બહેનો માટે જ આ ગરબી યોજાઈ છે બહેનો રાસ લેતી હોય ત્યાં ભાઈઓને એન્ટ્રી પણ આપવામાં આવતી નથી ભાઈઓ જે બહેનોને મૂકવા માટે આવે છે તો ત્યાં ભાઈઓ માટે બેસવાની નાસ્તાની સંપૂર્ણ અલગ વ્યવસ્થા કરવામાં આવે છે જેથી કરી અને માન મર્યાદા અને સંસ્કૃતિનું જતન અને રક્ષણ થઈ શકે ઉપરાંત દરરોજ ગરબી પૂર્ણ થયા બાદ બહેનોને લાણી આપવામાં આવે છે આ ભવયાતી ભવ્ય રાસ ગરબા મહોત્સવમાં ખૂબ જ મોટો ખર્ચ થતો હોય છે છતાં પણ કોઈ પાસેથી ફંડ ફાળો ઉઘરાવવામાં આવતો નથી સ્વેચ્છાએ જે લોકોએ ફંડ આપવું હોય તે માત્ર આપી શકે છે આ ભવયાત્રી ભવ્ય રાસ ગરબા મહોત્સવ નું આયોજન દર વર્ષે થાય છે આ વર્ષે પણ શ્રી જશકુભાઈ ડાંગરનું ફાર્મ રામવાડી ખલીલપુર ચોકડી બાયપાસ પર આવેલું છે ત્યાં આ રાસ્તોત્સવ યોજાઈ છે

જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં જૂનાગઢના શ્રી સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજના બહેનો પરંપરાગત રીતે રાસ લિયે છે જેમાં ખાસ કરીને તલવાર રાસ જેવા વિશેષ રાસનું પણ આયોજન કરવામાં આવે છે આ રાસ મહોત્સવમાં શ્રી સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ શ્રી ગરાસીયા ક્ષત્રિય સમાજ શ્રી હાટી ક્ષત્રિય સમાજના બહેનો ને આ ભવ્ય રાસ મહોત્સવમાં પધારવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.-અખંડ ભારત

# જવાહરભાઈ ચાવડાના પિતાશ્રી પેથલજીભાઈ ચાવડાની અનોખી રીતે જન્મ જયંતીની ઉજવણી




ટીલાવત જનકરાય - પેથલજીભાઈ ચાવડા ની ૯૬મી જન્મ જયંતી નિમિત્તે ડોક્ટર સુભાષ ફાઉન્ડેશન સંચાલિત સંસ્થાઓ દ્વારા જુનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વદેશી ઉત્પાદનોના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. આ પહેલનો હેતુ માત્ર વેપાર નહી પરંતુ લોકોમાં સ્વદેશી પ્રત્યેની જાગૃતિનો એક અભિગમ હતો આપણા દેશના ઉત્પાદકો વેપારીઓ અને નાના ઉદ્યોગ કારોને પ્રોત્સાહન મળે આત્મનિર્ભર ભારતના સ્વપ્નને બળ મળે અને સ્થાનિક સ્તરે રોજગારીની તકો વધે તેવા પવિત્ર વિચારો આ કાર્યની પાછળ રહેલા છે આજના સમયમાં સ્વદેશીનો ઉપયોગ માત્ર રાષ્ટ્રનું પ્રતીક નહી પણ આર્થિક સશક્તિકરણનું એક મહત્વપૂર્ણ પગલું છે.

જવાહર ચાવડા પરિવારના આ પ્રયાસની નિશ્ચિત એક સમાજ તરફની યુવા પેઢીને નવી પ્રેરણા જન્મતે સ્વદેશી અપનાવો દેશને વધાવો ના સંદેશ સાથે આગળ વધશે તે હેતુથી સ્વ. પેથલજી બાપા ચાવડાનો જન્મદિવસની ઉજવણી ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી જવાહરભાઈ ચાવડાએ કરી હતી.-અખંડ ભારત

# સંતરામપુરમાં રકતદાન કેમ્પ યોજાયો



શૈલેષ પરમાર- સંતરામપુર ખાતે સંયુક્ત કર્મચારી મોરચો અને રેડ ક્રોસ સોસાયટી આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત નમો કે નામ રક્તદાનમાં સૌ ભાજપના પદાધિકારીઓ સાથે ઉપસ્થિત રહી હાજરી આપી હતી.-અખંડ ભારત

# આશા તથા આશા ફેસલેટર બહેનોને ચોક્કસ પ્રોત્સાહિત રકમ આપવા માંગ



આશિષ કામદાર

ગુજરાત સરકાર તરફથી આશા તથા આશા ફેસલેટર બહેનોને ઑનલાઇન કામગીરી સોંપવામાં આવી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં નેટવર્કનો પ્રોબ્લેમ હોવાથી મોબાઈલમાં સિસ્ટમ સપોર્ટ કરતી નથી આ કામગીરી કરવા માટે ઘણી બહેનોને નવો ફોન લેવાની ફરજ પડે છે પરંતુ હાલમાં મળતી પ્રોત્સાહન રકમમાં પોસાય તેમ નથી સાથે હાલમાં અંધત્વની કામગીરી પણ આશા બહેનોને આપેલ છે પરંતુ સરકાર ધ્વારા કોઈ પ્રોત્સાહિત રકમ નક્કી કરવામાં આવેલ નથી જો આ કામગીરી અંગે સરકાર તરફ થી ચોક્કસ પ્રોત્સાહિત રકમ આપવામાં આવે તો તમામ બહેનો કામગીરી કરવા સહમત થાય ,હાલમાં જે પ્રોત્સાહિત રકમ આપવામાં આવે છે.તે હાલની પરિસ્થિતિમાં બહેનોને પોસાઈ તેમ નથી જેથી આશા બહેનોની કામગીરી પ્રમાણે ચોક્કસ વેતન આપવાની માંગ સાથે જીલ્લા કલેકટર કચેરી ખાતે આશા બહેનો ધ્વારા ૧૫/૦૯/૨૦૨૫ ના રોજ આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# બોટાદમાં ઈંગ્લિશ દારૂનો નાશ કરાયો



છત્રજીત ભાઈ ધાધલ -બોટાદમાં ભારતીય બનાવટનો ઇંગ્લિશ દારૂ અને બિયર બોટલના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે.અલગ-અલગ ગુનામાં પકડાયેલી ૧૭૦૪ દારૂની બોટલ અને ૧૧૮૨ બીયરના ટીન સાથે મળીને કુલ રૂ.૫,૭૮,૬૭૮/- ની કિંમતનાં દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખના જન્મદિનની ઉજવણી કરાઈ




*મંગળસંગ ટાંક - શ્રી પીએમશ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન પ્રાથમિક શાળા નંબર ૨૪, બોટાદ જિલ્લા ભાજપ જિલ્લા પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલ ના જન્મદિવસની ઉજવણી નિમિત્તે શાળા પરિવારના ધોરણ ૬ થી ૮ ના તમામ બાળકોને ચોકલેટ વિતરણ કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી. બોટાદ જિલ્લા કિશાન મોરચા દ્વારા જિલ્લા કિશાન મોરચાના ઉપપ્રમુખ શ્રી મંગળસિહ એલ ટાંક તથા ઉપેન્દ્રભાઈ જોટાણીયા તથા નગરસેવક શ્રી પ્રતિનિધિ તરીકે શૈલેશભાઈ ધરજીયા તથા શિક્ષકગણ હાજર રહ્યા.આપશ્રીની આ લાગણી માટે શાળા પરિવાર આપના પ્રત્યે ખૂબ ખૂબ આભાર પ્રગટ કરે છે અને જન્મદિવસ નિમિત્તે શુભકામના પાઠવી હતી.-અખંડ ભારત*

# માણેકપુરમાં પોષણ ઉત્સવની ઉજવણી



માણસા તાલુકાના માણેકપુર ગ્રામ પંચાયતમાં સરકાર શ્રી દ્વારા આયોજિત મહિલા બાળ વિકાસ વિભાગ ગુજરાત રાજ્યનો પોષણમાહ ૨૦૨૫ પોષણ ઉત્સવ કાર્યક્રમ ના ભાગ રૂપે અલગ અલગ વાનગીઓ એમાં સ્વાસ્થ્યનું મહત્વ સમજાય એવી રીતે આંગણવાડીનીબહેનોએ બનાવીને સ્પર્ધાત્મક આયોજન કર્યું હતું.જેમાં ગામમાંથી મહાનુભાવો એ હાજર રહી ક્રમશઃ પહેલો બીજો ત્રીજો નંબર આપી બધી જ બહેનોને આ પ્રવૃત્તિ બદલ બિરદાવ્યા હતા.-અખંડ ભારત

# ગાબટ ગામે પેવર બ્લોક નાખવાની કામગીરી શરૂ



શર્મિષ્ઠાબેન પટેલ - સરકારશ્રી દ્વારા ધારાસભ્યને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવતા, બાયડ તાલુકાના ગાબટ ગામે પલાવત ફળીમાં ચેહર માતાના મંદિર પાસેના ચોકમાં પેવર બ્લોક નાખવાની કામગીરીનો ગાબટ ગામના અગ્રણી અને બાયડ એ. પી.એમ.સી. ના ડિરેક્ટર ચિરાગભાઈ પટેલના શુભ હસ્તે શ્રીફળ વધેરી પ્રારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે મયુરબાપુ, અરવિંદભાઈ તથા ગામના સક્રિય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# ભાવનગરમાં ભાજપની કાર્યશાળા યોજાઈ




નિલેશ પીજાણી, વિકાસ ચોઈથાણી -ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગરના અધ્યક્ષશ્રી કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ) ના માર્ગદર્શન અનુસાર ભાવનગર મહાનગરના તમામ વોર્ડમાં દેશ યશસ્વી પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે આગામી ૧૭ સપ્ટેમ્બર થી ૨ જી ઓક્ટોબર સુધી યોજનાર સેવા પખવાડિયાના કાર્યક્રમો અંતર્ગત વોર્ડની કાર્યશાળા વોર્ડના ઇન્ચાર્જશ્રીઓ, શિક્ષણ સમિતિના સદસ્યશ્રીઓ, વોર્ડ મહામંત્રીશ્રીઓ, વોર્ડ સંગઠનના હોદેદારશ્રીઓ, આઇ.ટી.એસ.એમ ના ઇન્ચાર્જશ્રીઓ, શક્તિ કેન્દ્રના સંયોજકશ્રીઓ, બુથ પ્રમુખશ્રીઓ તેમજ અપેક્ષિત કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# રાનકુવા ખાતે સર્વરોગ નિદાન સારવાર મેગા કેમ્પ યોજાશે



કુંજ પરમાર - નવસારી,તા.૧૬ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે આગામી તા.૧૭/૦૯/૨૦૨૫ ના બુધવારના રોજ રાનકુવા પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામકશ્રી આયુષ કચેરી ગાંધીનગરની પ્રેરણાથી, જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, નવસારી વૈધ કાજલબેન મઢીકરના માર્ગદર્શન હેઠળ સરપંચશ્રી અરવિંદભાઈ હળપતિ, ગ્રામ પંચાયત રાનકુવા અને યુથ કલબ ઓફ રાનકુવાના સહયોગથી રાનકુવા ગામ ખાતે આયુર્વેદ શાખા નવસારી દ્વારા મેગા સર્વરોગ આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ નિદાન સારવાર કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથી ચિકિત્સા પધ્ધતિ દ્વારા નિદાન સારવાર કરવામાં આવશે. આયુર્વેદ ઔષધિય વનસ્પતિ પ્રદર્શન યોજવામાં આવશે. તેમજ યોગ ઈન્સ્ટ્રકટર દ્વારા યોગ રજૂ કરવામાં આવશે તેમજ જન્મથી ૧૨ વર્ષના બાળકોને સુવર્ણપ્રાશનનાં ટીપાં પીવડાવવામાં આવશે.આ આયુર્વેદીક કેમ્પમાં સાંધાના દુઃખાવા,પેટના દર્દ,સ્ત્રી રોગ, ચામડીના રોગ,ડાયાબીટીસ, બ્લડપ્રેશર, શરદી-ખાંસી-તાવ-ઝાડા-ઉલટી,હરસ-મસા,તેમજ અન્ય રોગ પ્રતિકારક શકિત માટે અને અન્ય તમામ રોગોની નીચે દર્શાવેલ અનુભવી વૈધો દ્વારા નિદાન કરી સ્થળ પર જ વિના મુલ્ય સારવાર આપવામાં આવશે. જેથી આ કેમ્પનો લાભ લેવા જાહેર જનતા નવસારી જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી દ્વારા અખબારી યાદીમાં અપીલ કરવામાં આવી છે.-અખંડ ભારત

# માણેકપુરમાં દવાઓનું વિતરણ કરાયું



માણસા તાલુકાના માણેકપુર ગામે ગ્રામ પંચાયત ઓફિસમાં ગાંધીનગર હોમિયોપેથી કોલેજ મુબારક પુર ના સૌજન્યથી ડોક્ટર મોનિકા પટેલ અને ડોક્ટરોની ટીમ દ્વારા ૪૦ થી ૫૦ જેટલા ગ્રામ જનોને નિશુલ્ક સેવા સારવાર અને હોમિયોપેથિક દવાઓનું વિતરણ થયું દર મંગળવારે આ ટીમ દ્વારા નિયમિત હોમિયોપેથીક સારવાર માણેકપુર હાઈસ્કૂલમાં પણ અપાય છે બાકીના રવિવાર સિવાયના દિવસોમાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં આ ટીમ ખૂબ જ ઉત્સાહથી સારવારનો લાભ આપે છે કે જે સરાહનીય કાર્ય ને સૌએ બિરદાવ્યું હતું.-અખંડ ભારત

# નાનાઉભડા ગામનું ગૌરવ




પંચાલ ધાર્મિક - ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલ યુથ ફેસ્ટિવલ-૨૫માં ઉમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ ફોક ઓર્કેસ્ટ્રામાં ભાગ લઈ ઈન્ટર ઝોનલમાં પ્રથમ નંબર મેળવ્યો હતો. જેમાં ફોક ઓર્કેસ્ટ્રામા ટુ સાઈડ ડ્રમ વાધ્ય મા નિહારીકા દીપકભાઈ પરમારે બેસ્ટ પર્ફોમિન્સ માટે પ્રથમ નંબરનું ઈનામ મેળવી કોલેજનુ અને નાનાઉભડા ગામનું નામ રોશન કરેલ છે.-અખંડ ભારત

# બાલાસિનોરમાં રક્તદાન કેમ્પ યોજાયો



અબ્બાસી અબ્દુલકાદર - બાલાસિનોરમાં નમો કે નામ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવતા રક્તદાન કેમ્પમાં સ્થાનિક સંગઠનના હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહી રક્તદાન કર્યું હતું.-અખંડ ભારત

# જમડા ગામમાં ૧૧ દિવસ બાદ પણ પાણી ભરાયેલા રહેતા ખેડૂતો મુશ્કેલીમાં





થાનાજી રાજપુત - થરાદ તાલુકાના જમડા ગામે સતત વરસેલા ભારે વરસાદને ૧૧ મો દિવસ થવા આવ્યું હોવા છતાં ખેતરો અને ખેડૂતોના ૪૦ થી ૫૦ ઘરોમાં પાણી ભરાયેલા જ છે. જેના કારણે ગામમાં જળબંબાકાર જેવી સ્થિતિ જોવા મળી રહી છે.ખેતરોમાં ઘરોમા હજુ પણ ઘૂંટણ સુધી પાણી ભરાયેલા હોવાથી પાક સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયો છે. બીજી તરફ ઘરોમાં પાણી ભરાઈ જતાં ઘરવખરી સહિતનો સર સામાન બગડી ગયો છે, જેના કારણે ખેડૂતો અને ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે ગામના એક વિકલાંગ ખેડૂતે જણાવ્યું કે, હજુ સુધી કોઈ જવાબદાર તંત્ર ના કોઈ અધિકારીએ અમારા ગામની અંદર મુલાકાત પણ લીધી નથી અત્યારે ગામની ભયંકર પરિસ્થિતિ થઈ ગઈ છે ફક્ત તલાટી એક વખત ફોટા પાડી ગયા હતા. બાકી કોઈ તંત્ર ના અધિકારીઓ કે આગેવાનો દીવડે દેખાતા નથી ચૂંટણી સમયે આગેવાનો અને નેતાઓ મોટી મોટી ફાંકા ફોજદારી કરવા આવી જતા હોય છે પણ અત્યારે આવી ભયંકર વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે છતાં પણ સંભાળ લેવા આવતા નથી છેલ્લા એક અઠવાડિયા થી વધુ સમયથી સતત પાણી ભરાયેલા હોવાને કારણે પાણી પણ હવે દુર્ગંધ મારી રહ્યું છે જેથી ઠેર ઠેર જગ્યાએ ગંદકી ફેલાઈ રહી છે જેથી ગામની અંદર રોગચાળો ફાટી નીકળે તેવી ભીતિ વ્યાપી રહી છે.

સ્થાનિક ખેડૂતો ગ્રામજનોની માગ છે કે તંત્ર તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી પાણી નિકાલ કરવાની માંગ કરી રહ્યા છે.-અખંડ ભારત

# શામળાજી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન આજરોજ તારીખ ૧૬ /૯/ ૨૦૨૫ ના રોજ ગુજરાતના ૩૫૦ સેન્ટરો ઉપર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી ખાતે સિવિલ હોસ્પિટલમાં બ્લડ ડોનેશન સેન્ટર આપવામાં આવ્યું હતું જેમાં વિશાળ સંખ્યામાં શિક્ષક મિત્રો, તલાટી મિત્રો, આચાર્ય મિત્રો, પોલીસ કર્મીઓ,તમામ સંવર્ગના કર્મચારીઓ ઉપસ્થિત રહીને રક્તદાન કર્યું હતું આજરોજ વર્લ્ડ રેકોર્ડ બનવા જઈ રહ્યો છે.

ત્યારે ભિલોડા તાલુકાના તમામ સંગઠન હોદ્દેદાર શ્રીઓએ રક્તદાતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આર્ય જ્યોતિના આચાર્ય શ્રી લલીતભાઈ સુથાર, ભિલોડા તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ કમલેશભાઈ પટેલ, ઉચ્ચતર માધ્યમિક સંગઠનના રાજેન્દ્રભાઈ પટેલ, તેમજ શામળાજી આર્ટસ કોલેજના એનએસએસ સ્વયંસેવકોએ તેમજ બ્લડ ડોનેટ કેમ્પ ઉપસ્થિત રામાણી બ્લડ બેન્ક મોડાસાના તમામ કર્મચારીઓ, સિવિલ હોસ્પિટલ શામળાજીના તમામ કર્મચારીઓ, શિક્ષક મિત્રો આચાર્ય મિત્રોએ ખૂબ જ સહયોગ સાપડ્યો હતો. -અખંડ ભારત

# પાટડી ખાતે આંતર કોલેજ સ્પર્ધા યોજાઈ



ધવલ પટેલ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ દ્વારા આયોજિત આંતર કોલેજ સ્પર્ધા ૨૦૨૫ ૨૬ માં પાટડી ખાતે આવેલ સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજમાં બીકોમ સેમ એકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની હિરલબા ફતુભા ઝાલા એ લોન ટેનિસ સ્પર્ધામાં ફર્સ્ટ રનર્સઅપ તરીકે નંબર મેળવી સરકારી વિનયન વણીજ્ય અને વિજ્ઞાન કોલેજ અને તાલુકા નું નામ રોશન કરતા કોલેજ પરિવાર સ્ટાફગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# સેવા, સમર્પણ અને સંકલ્પનો મહોત્સવ...ગુજરાતે રક્તદાન થકી સર્જ્યો વિશ્વ વિક્રમ





જયેશભાઈ મકવાણા- ગુજરાતના પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગુજરાતે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ‘‘ઓપરેશન સિંદૂર’’ અને ‘‘નમો કે નામ રક્તદાન’’ અભિયાન અંતર્ગત જૂના સચિવાલય, ગાંધીનગર ખાતે આયોજિત રક્તદાન શિબિરમાં રક્તદાતાઓનો અપ્રતિમ ઉત્સાહ જોવા મળ્યો. આ શિબિરમાં માન. મંત્રીશ્રી પ્રફુલ પાનસેરિયાએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું. આ જીવનરક્ષક કાર્યમાં ભાગ લેનાર તમામ રક્તદાતાઓને હૃદયપૂર્વક અભિનંદન આપી તેમના પ્રયાસોની સરાહના કરી હતી.

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો, રાજ્યના તમામ શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારી મંડળો અને મદદગાર પરિવારના સંયુક્ત આયોજનથી ગુજરાતે વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો છે. આ અભિયાનની મુખ્ય વિશેષતાઓ જોઇએ તો- (૧) એક લાખથી વધુ રક્તદાતાઓ દ્વારા રાજ્યભરમાં એક જ દિવસમાં રક્તદાન કરીને માનવતાની સેવામાં અમૂલ્ય યોગદાન આપ્યું.(૨) ૩૦૦થી વધુ રક્તદાન શિબિરો જેમાં ગુજરાતના ખૂણે-ખૂણે આયોજિત આ શિબિરોના શિબિરાર્થીઓએ સામૂહિક સહભાગિતા એટલે કે સંઘ શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.આ સેવા કાર્યમાં શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની અદ્વિતીય ભાગીદારી હતી. રાજ્યના શિક્ષકો, વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓએ આ અભિયાનને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

આ સેવા અભિયાન ભારતીય સંસ્કૃતિના મૂળ મૂલ્યો— સેવા, સમર્પણ અને સંકલ્પને જીવંત કરે છે. આ ઉપક્રમે ગુજરાતની સહકારભાવના અને માનવતાના મંત્રને વૈશ્વિક સ્તરે ઉજાગર કર્યો છે. રાજ્યના શૈક્ષણિક સંસ્થાનો, વહીવટી કચેરીઓ અને સામાજિક સંગઠનોએ એકજૂથ થઈને આ અભિયાનને યાદગાર બનાવ્યું છે. ‘‘નમોત્સવ’’ના કાર્યક્રમમાં રક્તદાન આરોગ્ય તપાસ, સ્વચ્છતા અભિયાન અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓ સામેલ છે. સોશિયલ મીડિયા પર આ અભિયાનનો જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જ્યાં યુવાઓ-નાગરીકો પોતાના ફોટા અને વીડિયો શેર કરીને વધુ લોકોને રક્તદાન માટે પ્રેરણા આપી રહ્યા છે.માન. મંત્રીશ્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું: ‘‘આ રક્તદાન શિબિર ગુજરાતની સેવાભાવનાનું જીવંત પ્રતીક છે. દરેક રક્તદાતાએ પોતાના નાનકડા પ્રયાસથી અનેક લોકોને સદકાર્ય માટે પ્રેરી પોતાના જીવનને નવી દિશા આપી છે.’’- અખંડ ભારત

# પલસાણામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



દિલીપસિંહ ઠાકોર - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે એક પેડ માં કે નામ અંતર્ગત અરવિન્દ ફાઉન્ડેશન દ્વારા પલસાણા ગામેં સરપંચ અર્જુનજી તથા આગેવાનો તાલુકા પંચાયત સદસ્ય શ્રી રવિન્દ્રભાઈ ના વરદ હસ્તે વૃક્ષારોપણ કરી વૃક્ષો ઉછેરવા ઉપર સૌએ ભાર મૂક્યો હતો.- અખંડ ભારત

# સરથાણા ખાતે કેમ્પ યોજાયો



જયેશભાઈ મકવાણા - ગુજરાતના પનોતા પુત્ર, વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા અને કરોડો નાગરિકોના પ્રેરણાસ્ત્રોત યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી ‘સેવા પખવાડિયા’ના રૂપમાં સમગ્ર દેશમાં થઇ રહી છે, ત્યારે કામરેજ વિધાનસભાના ધારાસભ્ય અને શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ કામરેજ વિધાનસભા ભાજપ પરિવાર દ્વારા સરકારી યોજનાઓનો ઘરઆંગણે લાભ આપવા માટે કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેનો લાભ મેળવવા માટે મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ લોકો ઉમટી પડ્યા હતા.કેમ્પમાં ભાજપાના પદાધિકારીઓ, હોદ્દેદારો અને સ્વયંસેવકો, કાર્યકરોએ કેમ્પને સાચા આર્થમાં સેવાયજ્ઞ બનાવ્યો હતો. જેમાં વિવિધ સરકારી યોજનાના લાભો અને દસ્તાવેજી કામો જેવા કે, આવકનો દાખલો, આયુષ્યમાન વયવંદના કાર્ડ, બિનઅનામતનો દાખલો, નોન ક્રિમીલેયર ઈ.ઉ.જી પ્રમાણપત્ર, નિરાધાર વૃધ્ધ પેન્શન, સિનીયર સિટીઝન પ્રમાણપત્ર, ડોમીસાઈલ, આધારકાર્ડમાં સુધારા, ગંગાસ્વરૂપા પેન્શન, વ્હાલી દીકરી યોજના, મેયર ફંડ, મુખ્યમંત્રી રાહત ફંડ, પીએમ કેર્સ ફંડ જેવી યોજનાકીય સહાયથી લાભાન્વિત કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# ઉમરેઠમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



યુસુફ. કટલરીવાલા - ઓપરેશન સિદુર ની સફળતા અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજી ના ૭૫માં જન્મ દિવસ ની ઊજવણીના પ્રસંગે મદદગાર પરીવાર શૈક્ષણિક સંસ્થાઓ તેમજ તમામ કમૅચારી મંડળો બીજેપી તાલુકા યુવા મોરચાના અને ભાજપ દ્વારા બ્લડ ડોનેશન નો કેમ્પ ઉમરેઠ સરસ્વતી વિદ્યાલય સ્કૂલ ખાતે યોજાયો હતો.આ કેમ્પમાં સવારના ૮થી બપોરના ૪વાગ્યા સુધીમાં બ્લડની ૮૫ બોટલો ઈન્દુ વોલેન્ટરી બ્લડ સેન્ટર દ્વારા પ્રાપ્ત થઈ હતી.-અખંડ ભારત

# રાજપીપલા બસ ડેપોમાં મુસાફરોનો હોબાળો




મલેક વસીમ - નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે બસ ના મુકાતા મુસાફરો અટવાયા.એસટી ડેપોનું યોગ્ય સંચાલન નહિ થતું હોવાની વારંવાર ફરિયાદો સંભળાઈ છે જેમાં ખાસ કરીને અમુક રૂટ પર જતી બસો અધવચ્ચે બગડતા બસમાં બેઠેલા અને નોકરી ધંધા અર્થે જતા મુસાફરો રસ્તા માં અટવાઈ જાય છે. રાજપીપળા ખાતે સોમવારે રાત્રે આશરે ૮ વાગ્યાની આસપાસના અમદાવાદ ભાખરી ની બસ ના મુકાતા ડેપોમાં માથાકૂટ થઈ હતી.રાજપીપળા થી અમદાવાદ ભાખરી ચાલતી બસ બંધ થતાં મુસાફરો ને અટવાવાનું વારો આવે છે મુસાફરોની માંગ છે જે અમદાવાદ ભાખરી બસ બંધ કરવામાં આવી છે તે ફરી ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.-અખંડ ભારત

# ડેડીયાપાડા પ્રાંત અધિકારીને કરાઈ રજૂઆત



તડવી સુનિલકુમાર - નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા તાલુકાના ચિકદા ગામ ખાતે આવેલ મોડેલ સ્કૂલ ડે સ્કૂલ ખાતે ધોરણ-૧૦ થી ૧૨માં કાયમી કે જ્ઞાન સહાયક એક પણ શિક્ષક ન હોવાથી અને શાળા નું મકાન સહીત ભૌતિક સુવિધા ઉપલબ્ધ કરાવવા પ્રાંત કચેરી ડેડીયાપાડા ખાતે વિદ્યાર્થીઓ અને વાલીઓ સહીત રજૂઆત કર આગામી દિન ૭માં નિરાકરણ નહીં આવે તો ધરણા પર બેસવા ની ચીમકી સ્થાનિકોએ ઉચ્ચારી હતી.-અખંડ ભારત

# પૂર્ણા નદી બ્રિજ ભારે વાહનોની અવર જવર માટે બંધ કરાયો

કુંજ પરમાર - નવસારી જિલ્લામાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કરબાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ. મી. ૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) જે વર્ષ ૧૯૭૮ માં બનાવવામાં આવેલ હતો. હાલમાં આ બ્રિજ બન્યાને ૪૭ વર્ષ પૂર્ણ થયેલ છે. તાજેતરમાં વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ પર થયેલ હોનારતને ધ્યાને લેતા સદર બ્રીજનું ઈન્સપેકશન ડિઝાઈન સર્કલ, ગાંધીનગરના અધિકારીશ્રીની હાજરીમાં કરવામાં આવયું હતું. જેમાં બ્રીજનું ઈન્સ્પેકશન કરતાં ડિઝાઈન સર્કલ, ગાંધીનગર દ્વારા આ બ્રીજ પૂવર કન્ડીશનમાં માલૂમ જણાતા આ બ્રીજ ભારે વાહનોની અવર જવર માટે બંધ કરવો હિતાવહ છે તેમ જણાવાયું છે. જેથી સલામતીના ભાગરૂપે બ્રીજ ભારે વાહનો, એસ.ટી બસ તેમજ અન્ય તમામ હેવી મોટર વહીકલની અવરજવર પર પ્રતિબંધ મૂકી ફક્ત લાઈટ મોટર વ્હીકલ અને લાઈટ ઈમરજન્સી વ્હીકલ જેવા હળવા વજનના વાહનોની અવર-જવર ચાલુ રાખવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારીને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબ મળેલ સત્તાની રૂએ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ. મી. ૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર આગામી તા.૧૪-૧૧-૨૦૨૫ સુધી પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે. તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. -અખંડ ભારત

# ખાંભલા ગામથી બિલમોરા કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ

કુંજ પરમાર - નવસારી નાં વાંસદા તાલુકાના ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ નવસારી -ઈજનેરશ્રી, પંચાયત (મા.અને મ.) વિભાગ નવસારીએ વાંસદા તાલુકાના પેટા વિભાગીય કચેરી, વાંસદા હસ્તકના ખાંભલા બિલમોડા રોડ ૧/૬૦ થી ૧/૮૦ ઉપર કાવેરી નદી પર આવેલ હયાત ડુબાઉ ચેકડેમ કોઝ-વેની જગ્યાએ હાઈ લેવલ મેજર બ્રીજ બનાવવાનું કામ બજેટ ઉચ્ચક જોગવાય યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ થી મંજુર થયેલ છે. આ કામની સમય મર્યાદા તા. ૦૧/૧૦/૨૦૨૪ થી શરૂ કરી તા.૩૦/૦૯/ ૨૦૨૫ સુધીની છે. તેમજ કાવેરી નદી પરનો હયાત ચેકડેમ કોઝ-વે નબળો છે. જેથી ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના કારણે વખતોવખત ડૂબી જવાની શક્યતા હોય, ચોમાસા દરમિયાન કોઈ આકસ્મિક બનાવ ના બને તે હેતુથી ચોમાસા દરમ્યાન ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોરા ગામ તરફ અને બિલમોડા ગામ થી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનોને ખાંભલા થી ઉગા જિ.ડાંગ થી વાનરચોંડ, ડોકપાતાળ, જામલાપાડા, બારખાંધ્યા થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજ્ય) થી જીH-૨૨ રોડ (મહારાષ્ટ્ર રાજ્ય) થઈ બિલમોડા ગામે આશરે કુલ ૧૫.૫૦ કિમી જેટલું અંતર કાપી જવા વૈકલ્પિક માર્ગ ઉપર રસ્તાને ડાયવર્ઝન આપવા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.-અખંડ ભારત

## કઠલાલ રોડ ઉપર કંપનીમાં લાગી આગ...



ઝાલા ઉપમન્યુ - કઠલાલ- ઈન્દોર હાઈવે ઉપર પલ્લવી હોટલ નજીક આવેલ બાયોડીઝલ કંપનીમાં આકસ્મિત આગ ભભૂકી ઉઠતા આગના કાળા ડિંબાગ ઘોટેઘોટા નિકળ્યા હતા.આગ લાગવાનું કારણ,નુકશાની હજુ સુધી જાણી શકાઈ નથી.-અખંડ ભારત

## કડીની બી.એડ કોલેજમાં વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી



રાઠોડ અમરસિંહ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત તેમજ સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંલગ્ન એસ.વી.કોલેજ ઓફ એજ્યુકેશન અને સૂરજબા કોલેજ ઓફ એજ્યુકેશન,કડીમાં તા. ૧૬-૦૯-૨૦૨૫ ના રોજ વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો જેવા કે દિન વિશેષ,ઓઝોન સ્તરનું મહત્વ, ઓઝોન સ્તર બચાવવાના ઉપાયો તેમજ ઓઝોન અંગે પ્રશ્નોતરી વગેરેનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન HOD ડૉ. જગદીશ. એસ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા.પારસ ટી વાઘેલા અને પ્રા.ભૃગેશ એ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## ડાંગ જિલ્લાનાં પ્રવાસન સ્થળ ડોન ખાતે મોબાઈલ નેટવર્કના ધાંધિયા



સંદિપ ગાવિત - ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ડોન હિલ સ્ટેશન ખાતે જીયોના ટાવરની કનેક્ટિવિટી શરૂ કરવામાં આવે તથા અન્ય કંપનીનાં ટાવરો ઉભા કરવામાં આવે તેવી માંગ સાથે ડોન ગ્રામ પંચાયતનાં લેટરપેડ પર ડાંગ જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી તેમજ આ રજૂઆતમાં લોકોને પડતી મુશ્કેલીઓનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.-અખંડ ભારત

## આહવામાં રખડતા પશુઓથી સ્થાનિકો પરેશાન



સંદિપ ગાવિત - ડાંગના મુખ્ય મથક આહવા ખાતે રખડતા ઢોરોની સમસ્યા વધી રહી છે. આ સમસ્યાને લઈને આહવા ગૌરક્ષા સમિતિએ ગ્રામ પંચાયતના સરપંચને એક આવેદનપત્ર સુપ્રત કર્યું છે.સમિતિએ રાત્રિના સમયે મુખ્ય રસ્તા પર બેસી રહેતા ઢોરોને કારણે થતા અકસ્માતો અને તેનાથી વાહનચાલકો તથા પશુઓને થતા નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી છે.રજૂઆતની મુખ્ય માંગણીઓ આહવા ગૌરક્ષક સમિતિના સભ્ય વિપુલભાઈ શિવાભાઈ રાઠવાએ તેમના સાથી સભ્યો સાથે મળીને આ આવેદનપત્ર આપ્યું હતું. -અખંડ ભારત

## સૌના સરદાર, જય સરદાર!ના જયઘોષ સાથે વિજાપુરમાં સરદાર સન્માન યાત્રાનું ભવ્ય સ્વાગત



વિહોલ માયાબેન - લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ચાલી રહેલી સરદાર સન્માન યાત્રા ૨૦૨૫ આજે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં પહોંચી. યાત્રાના આગમનથી વિજાપુરની પાવન ધરતી પર દેશભક્તિનો ઉત્સાહ છવાઈ ગયો. વિજાપુરના ધારાસભ્ય સી.જે. ચાવડા, પૂર્વ ધારાસભ્ય રમણભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય પીઆઈ પટેલ,ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના કાર્યકર્તાઓએ અને વિજાપુર ની જનતાએ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું. આ ઉપરાંત, આ યાત્રાના મુખ્ય આયોજક પણ આવ્યા હતા અને તેમણે વિજાપુર મામલતદાર કચેરી પાસે સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પર ફૂલોના હાર પહેરાવી, શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સૌના સરદાર, જય સરદાર!ના જયઘોષોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.-અખંડ ભારત

## કપરાડા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



રાઠોડ નિલેશભાઈ

વલસાડ જિલ્લામાં ૫,૦૦૦ બોટલ બ્લડ એકત્ર કરવાનો લક્ષ્યાંક છે, જેમાં કપરાડા વિસ્તારમાં ઓછામાં ઓછા ૫૦૦ બોટલ એકત્ર કરવાનો નિર્ધાર છે. જીતુભાઈએ સ્પષ્ટ કર્યું કે લોકોમાં બ્લડ ડોનેશન અંગેનો ભ્રમ અને ડર દૂર કરવો જરૂરી છે, કારણ કે ડોનેશન બાદ શરીરમાં નવું બ્લડ બને છે અને આરોગ્ય પર કોઈ પ્રતિકૂલ અસર થતી નથી કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકરો, આગેવાનો અને યુવાનોને સંદેશ આપવામાં આવ્યો કે તેઓ પોતાના મિત્ર–સગાઓને સાથે લઈને વધુમાં વધુ સંખ્યામાં બ્લડ ડોનેશનમાં જોડાય. "આજનો કાર્યક્રમ ભાષણોનો નહીં પરંતુ કાર્યનો છે," એમ કહી ધારાસભ્યએ સૌને પ્રોત્સાહિત કર્યા હતા.-અખંડ ભારત

## નસવાડીમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ચિરાગ ગુપ્તા

નસવાડી તાલુકામાં વડાંપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિન નિમિત્તે આજે (૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫, મંગળવાર) "નમો કે નામ" મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માટે તાલુકા દીઠ ૩૦૦ બોટલ રક્ત એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો.એસ.બી. સોલંકી વિદ્યામંદિર, નસવાડી ખાતે યોજાયેલી આ રક્તદાન શિબિરમાં મુખ્યત્વે પ્રાથમિક શિક્ષકોની હાજરી વિશેષ નોંધપાત્ર રહી. સવારના શાળા સમયપત્રક (૮ થી ૧૧ વાગ્યા) પૂર્ણ કર્યા બાદ શિક્ષકો મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાયા હતા.-અખંડ ભારત

## માણસામાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



દિપકકુમાર પટેલ - સેવા પખવાડિયા અંતર્ગત આજે ચોધરી સ્કૂલ માણસા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી શ્રી ડોક્ટર કુંબેરભાઈ ડિંડોર ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## મોડાસા ખાતે વિજ્ઞાન મેળો યોજાયો



-કનુ વાળંદ

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલ જીનીયસ ઇન્સ્ટિટયૂટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં શાળાકીય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતા પ્લે ગ્રૂપથી લઈ અને ધોરણ ૧૦ ના તમામ વિદ્યાર્થીઓ આજે વિજ્ઞાન મેળામાં વૈજ્ઞાનિક બની ગયા હતા. શાળાના નાના નાના બાળકો પણ આ વિજ્ઞાન મેળામાં ભાગ લીધો હતો. શાળાના પ્રાર્થનાખંડમાં આ વિજ્ઞાન મેળાનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના નાના નાના વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર કૃતિઓ રજૂ કરી.કૃતિઓની સમજૂતી આપવાનો પણ પ્રયત્ન કર્યો હતો.

શાળાના એક ઓરડામાં પર્યાવરણ બચાવવા માટે રૂમમાં સુંદર જંગલ જેવું દશ્ય ખડું કર્યું હતું. શાળાના કુલ બે માળ પર વિજ્ઞાન મેળાના પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના કેમ્પસમાં ખાણીપીણીના સ્ટોલ તથા ગેમ માટેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

શાળાના આચાર્યશ્રી, અજીત નાયર શાળાના ટ્રસ્ટી ગણ તથા સમગ્ર Island શિક્ષક મિત્રો દ્વારા ભારે જહેમત ઉઠાવી વિજ્ઞાન મેળાનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યુ હતું.-અખંડ ભારત

## ધરમપુરમાં સેમિનાર યોજાયો



રાઠોડ નિલેશભાઈ

ધરમપુર, ધરમપુરના મોહનગઢ સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર મિશન ખાતે ગુજરાત વન વિભાગના ડૉ.એ.પી.સિંહ,આઈ.એફ.એસ. PCCF & (HoFF), ગુજરાતના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વાનસ્પતિક વૈવિધ્યતાની સંરક્ષણ સ્થિતિ"વિષયક બે દીવસીય ઓરીએન્ટેશન વર્કશોપ યોજાયો હતો .વર્કશોપમાં ગુજરાતની વનસ્પતિક વૈવિધ્યતાનું મૂલ્યાંકન અને દસ્તાવેજીકરણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો, જેમાં શૈવાળ, ફૂગ, લાઈકેન, બ્રાયોફાઈટ્સ, પ્ટેરિડોફાઈટ્સ, જિમ્નોસ્પર્મ્સ, એન્જિયોસ્પર્મ્સ, મંગ્રોવ, ઘાસ, સ્થાનિક તથા સંકટગ્રસ્ત પ્રજાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો.પ્રથમ દિવસે ઉદ્ઘાટન સમારંભ બાદ શૈવાળ, ફૂગ, લાઈકેન, બ્રાયોફાઈટ્સ, પ્ટેરિડોફાઈટ્સ, જિમ્નોસ્પર્મ્સ તથા એન્જિયોસ્પર્મ્સ વિષેના સત્રો યોજાયા. ગુજરાતની વૃક્ષ વૈવિધ્યતા, વેલો, મંગ્રોવ, તથા ઘાસ પર વિશેષ ભાર મૂકાયો. બીજા દિવસે સ્થાનિક તથા સંકટગ્રસ્ત વનસ્પતિ વિષે સત્રો યોજાયા તથા સંરક્ષણ પ્રાથમિકતાઓ નક્કી કરવા માટે પેનલ ચર્ચા યોજાઈ, જેના અંતે "ધરમપુર ઘોષણા" જાહેર કરવામાં આવી.ધરમપુર ઘોષણાનો હેતુ પ્રાથમિક પ્રજાતિઓના સંરક્ષણ માટે મુસાદ્દો બનાવવો તથા વન વિભાગ, સંશોધન સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલય વચ્ચે સહકાર મજબૂત કરવાનો છે, જેથી ગુજરાતની સમૃદ્ધ પુષ્પ વૈવિધ્યતા સુરક્ષિત થઈ શકે.વર્કશોપ વૈજ્ઞાનિક કુશળતા અને ક્ષેત્રસ્તરીય સંરક્ષણ પ્રાથમિકતાઓને એકત્ર કરીને રાજ્યમાં વનસ્પતિ સંરક્ષણ પ્રયાસોને મજબૂત બનાવવાનો એક મહત્વપૂર્ણ પગલું સાબિત કરાયું છે.ગુજરાત તથા અન્ય રાજ્યોમાંથી વિખ્યાત વનસ્પતશાસ્ત્રીઓ, વન અધિકારીઓ, નિષ્ણાંતો તથા સંશોધકો આ વર્કશોપમાં જોડાયા હતાં. ટેક્નિકલ સત્રોને અલગ અલગ વિદ્વાનો જેવા કે ડૉ. મિનુ પરબિયા, ડૉ. કે. એસ. રાજપૂત, ડૉ. ધર્મેન્દ્ર શાહ, ડૉ. બી. એલ. પુંજાણી, ડૉ. એસ. એલ. મીના, ડૉ. એ. એસ. રેડ્ડી, ડૉ.વિનય રાવલે, ડૉ. પી.એસ.નાગર વગેરે ઉપસ્થિત રહ્યા હતા,સમાપન સત્રમાં નિષ્ણાતોનેસન્માનિત કરી પ્રમાણપત્રો નું વિતરણ કરવામાં આવ્યા હતા,.-અખંડ ભારત

## નર્મદામાં મહા રક્તદાન શિબિરનો પ્રારંભ



જીતેન્દ્રસિંહ સોલંકી - નર્મદા જીલ્લામાં આજે ૧૬મી સપ્ટેમ્બરના રોજ રક્તદાન મહાશિબિરનું તમામ તાલુકા મથકોએ આયોજન કરવામાં આવ્યું હતું. કલેક્ટર શ્રી એસ.કે. મોદીએ સિવિલ હોસ્પિટલ રાજપીપલા ખાતેથી શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો. જ્યારે તિલકવાડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલી શિબિરમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભિમસિંહ તડવી અને સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ ઉપસ્થિત રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. -અખંડ ભારત

## સેવા નિવૃત કર્મચારી હવે પ્રગતિશીલ ખેડૂત તરીકે લોકોને પ્રાકૃતિક ખેતી કરતા શીખવે છે





ઘિસારામ ચૌધરી- આહવા ડાંગ જિલ્લામાં ભારતમા સૌ પ્રથમ સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતા જિલ્લા તરીકે જાહેર થયેલા ડાંગ જિલ્લામા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ ગામે ગામ વધી રહ્યો છે. જિલ્લાના અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતીનો આગ્રહ રાખી, પ્રાકૃતિક ખેતીનુ મહત્વ સમજી પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે.

પ્રાકૃતિક ખેતી કરીને સાચુ જીવન જીવ્યાના સુખદ અનુભવોને કારણે સુબીર તાલુકાના ચિખલી ગામના ખેડુત શ્રી સુકીરાવભાઈ ગાયકવાડ અન્ય ખેડૂતો માટે પ્રેરણા પુરી પાડી રહ્યા છે. CRPF ની બ્લેક કમાન્ડો સેવામાંથી વય નિવૃત્ત થયેલા સુબીર તાલુકાના પ્રગતિશીલ ખેડુત શ્રી સુકીરાવભાઈ ગાયકવાડે, પોતાની બંજર જમીનમા પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી મોડેલ ફાર્મ તૈયાર કર્યું છે. આ ખેડુત અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપી, જિલ્લામા માસ્ટર ટ્રેનર તરીકે હાલ સેવા આપી રહ્યા છે. સાથે દરેક પ્રકારના પાકની પ્રાકૃતિક ખેતી પધ્ધતિ મુજબ ખેતી કરી અન્ય ખેડૂતો માટે માર્ગદર્શક રૂપ બન્યા છે.-અખંડ ભારત

## હિંમતનગર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો




સુરેશ સિંહ જાદવ - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ના જન્મદિવસ નિમિત્તે મદદગાર પરિવાર અને શૈક્ષણિક સંઘો તેમજ તમામ કર્મચારી મંડળો દ્વારા શ્રી હિંમત હાઈસ્કુલ,હિંમતનગર ખાતે આયોજિત રક્તદાન કેમ્પમાં સાબરકાંઠા અરવલ્લી લોકસભાના લોકપ્રિય સાંસદ શ્રીમતી શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાજી અને હિંમતનગર વિધાનસભાના ધારસભ્યશ્રી વિ.ડી. ઝાલા જીએ ઉપસ્થિત રહી રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.-અખંડ ભારત

## શેઠ શ્રી કે.ટી.હાઈસ્કૂલમાં રક્તદાન કેમ્પ યોજાયો



વાઘેલા મીનાક્ષીબેન - નમો કે નામ રક્તદાન કાયૅક્રમ શેઠશ્રી કે.ટી.હાઇસ્કૂલ ખેડબ્રહ્મા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ શ્રી ઉત્તમભાઈ તેમજ મહામંત્રીશ્રીના નેજા હેઠળ સૌ શિક્ષક મિત્રો સાથે મળીને બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રક્તદાનમાં ભાગ લઈ કેમ્પને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

## ભાણવડમાં રક્તદાન કેમ્પ યોજાયો



નકુમ પાર્વતીબેન - દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના કર્મચારીઓ દ્વારા આજે મહા રક્તદાન કેમ્પ યોજાતા સૌ એ હોંશે હોંશે બ્લડ ડોનેશન કરી રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

# હિન્દી માત્ર એક ભાષા નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, સંસ્કારો તેમજ જીવન મૂલ્યોની પ્રબળ સંવાહક- કૃષ્ણ કુમાર યાદવ

નરેન્દ્ર પંડ્યા- હિન્દી માત્ર એક ભાષા નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, સંસ્કારો તથા જીવન મૂલ્યોની પ્રબળ સંવાહક છે. સમગ્ર ભારતીયોને એકતાના સૂત્રમાં પરિણમાવતી હિન્દી એ તેવા સૂત્ર સમાન છે, જે આપણને એકબીજાને જોડે છે અને આપણી લાગણીઓને અભિવ્યક્ત કરે છે. પોતાની સહજતા, મધુરતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણના બળ પર હિન્દી ભાષાએ વૈશ્વિક સ્તરે વિશેષ પ્રતિષ્ઠા હાંસલ કરી છે. આવા ઉદ્દગાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ડાક વિભાગ દ્વારા ક્ષેત્રીય કાર્યાલયમાં આયોજિત હિન્દી પખવાડાના શુભારંભ પ્રસંગે વ્યક્ત કર્યા હતા. આ પહેલાં




તેમણે માં સરસ્વતીના ચિત્ર પર માલ્યાર્પણ કરી અને દિવો પ્રગટાવીને હિન્દી પખવાડાનો (૧૪–૨૮ સપ્ટેમ્બર) શુભારંભ કર્યો હતો.પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે હિન્દી માત્ર સંવાદ અને સાહિત્ય જ નહી પરંતુ વિજ્ઞાનથી લઈને સંચારક્રાંતિ, માહિતી-પ્રોદ્યોગિકી અને નવાચારની ભાષા પણ છે. હિન્દી આપણી માતૃભાષા સાથેસાથે રાજભાષા પણ છે. તેથી તેનો વિકાસ કરવો જરૂરી છે. આપણે હિન્દી ભાષાને વ્યવહારિક પ્રવૃત્તિઓ સાથે રાજકીય કાર્યોમાં પ્રાથમિકતા આપવી જોઈએ. બદલાતા સમયના પડકારોને પહોંચી વળવા માટે રાજભાષા, સંપર્ક ભાષા અને મહત્વપૂર્ણ જ્ઞાનભાષા બની રહે તે માટે હિન્દીનું તકનીકી રીતે વધુ સમૃદ્ધ બનવું જરૂરી છે. દરેક વ્યક્તિનું આ ફરજ છે કે તે આત્મવિશ્વાસ સાથે હિન્દીમાં કાર્ય કરે અને તેની ઉન્નતિમાં સહયોગ આપે..પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ભારત સરકાર દ્વારા વિકાસ કાર્યક્રમો અને જનસેવાઓના સંચાલનમાં હિન્દીના ઉપયોગને સતત પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યો છે. આજ સ્થિતિ એવી છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પણ હિન્દીનો અવાજ ગૂંજવા લાગ્યો છે. હિન્દી ભાષાની મધુરતામાં "વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના સમાયેલ છે અને તેની સરળતામાં ગહન જ્ઞાનનો સાગર છલકાય છે. "હિન્દી દિવસ"નો દિવસ માત્ર એક ઔપચારિક ઉત્સવ નહિ પરંતુ એ ભાષાનો ઉત્સવ છે, જેણે અમારા દિલોને જોડ્યા, સપનાઓને શબ્દ આપ્યા અને લાગણીઓને અવાજ આપ્યો. સહાયક નિદેશક (રાજભાષા) શ્રી એમ.એમ. શેખે જણાવ્યું કે હિન્દી પખવાડ હેઠળ ૧૪થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન ડાકકર્મચારીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાશે. તેમાં નિબંધ લેખન, કાવ્યપાઠ, હિન્દી વ્યાકરણ, પ્રશ્નોત્તરી, અનુવાદ, તાત્કાલિક ભાષણ અને હિંદી કાર્યશાળાનું આયોજન ક્ષેત્રીય કાર્યાલય સ્તરે કરવામાં આવશે.-અખંડ ભારત

# ભાવનગરમાં ભાજપના સક્રીય કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું

કાસમભાઈ ચોઈથાણી - શ્રી અટલ બિહારી વાજપેયી ઓપન એર થિયેટર, મોતીબાગ ખાતે ભારતીય જનતા પાર્ટી ભાવનગર મહાનગર દ્વારા શહેર અધ્યક્ષશ્રી કુણાલભાઈ કે. શાહ (કુમારભાઈ શાહ) ની અધ્યક્ષતામાં તેમજ ગ્રાહક બાબતો, અન્ન, નાગરિક અને પુરવઠા, જાહેર વિતરણ વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી નિમુબેન બાંભણિયા તથા મુખ્ય વકતા, કચ્છ ના સાંસદ, પ્રદેશ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોન ના પ્રભારીશ્રી વિનોદભાઈ ચાવડા ની વિશેષ ઉપસ્થિતિમાં આગામી તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી ભાવનગરની પાવન ધરા પર પધારી રહ્યા છે જેના સંદર્ભે સક્રિય કાર્યકર્તાશ્રીઓનું સંમેલન યોજાયું. જેમાં રોડ શો તથા જાહેરસભાની માહિતી આપવામાં આવી તેમજ કાર્યક્રમની રિવ્યૂ





બેઠક યોજી અને સેવા પખવાડિયા ના કાર્યક્રમોજની માહિતી આપવામાં આવી હતી.-અખંડ ભારત

# ગુંડીચામાં નિદાન કેમ્પ યોજાયો



ખરાડી ધર્મેશકુમાર

વડાપ્રધાન ના ટીબી મુક્ત ભારત સરકાર શ્રી તરફથી ૨૦૨૫ માં ટીબી નાબૂદી ૧૦૦ days સર્વે અભિયાન શરૂ કરવામાં આવેલ છે.આરોગ્ય શાખા મુખ્ય છોટાઉદેપુર જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.પાઉલ વસાવા ની સુચના તથા જિલ્લા ક્ષય કેન્દ્ર અધિકારી ડૉ.બી.એમ ચૌહાણ સર ના માર્ગદર્શન હેઠળ ટીબી જન જાગૃતિ અભિયાન અંતર્ગત NTEP વિભાગ છોટાઉદેપુર જિલ્લા ખાતેથી દિપક ફાઉન્ડેશન નિદાન વાન વિભાગ અને જિલ્લા ક્ષય આરોગ્ય ડિપાર્ટમેન્ટ ના સહયોગથી આજ રોજ સંખેડા તાલુકાના ગુંડીચા Phc ના પીપળસટ સબ સેન્ટર ખાતે એક્સ રે નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો જે સંદર્ભે આ ગામના અને આજુબાજુના વિસ્તારના ટીબી શંકાસ્પદ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો જેમાં ઉપસ્થિત નિદાન ટીમે સતત ખડેપગે રહી દર્દીઓનું નિદાન કર્યું હતું.-અખંડ ભારત

# પંચમહાલમાં આવેદનપત્ર અપાયું



આશિષ કામદાર

૧૯માં વિશ્વ આદિવાસી અધિકાર દિવસ નિમિત્તે આદિવાસી સમાજ ધ્વારા પંચમહાલ જીલ્લા સેવાસદન કચેરી ખાતે રાજ્ય સરકાર ને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ સંયુક્ત રાષ્ટ્રે વર્ષ ૨૦૦૭ માં આદિવાસી અધિકારોની ઘોષણા કરી હોવા છતાં ભારતમાં આદિવાસીઓનું શોષણ અને અધિકારોનું હનન થઈ રહ્યું છે આદિવાસી સમાજની મુખ્ય માંગણીઓમાં ખાસ કરીને નગરપાલિકામાં સામેલ કરાયેલા ગામોને પુનઃ ગ્રામપંચાયતનો દરજ્જો આપવાની માંગ છે તેમજ પેસા કાયદાનો અમલ કરવા, જળ-જંગલ-જમીન પર માલિકી અધિકાર આપવા અને પ્રોજેક્ટોથી વિસ્થાપિત લોકોને જમીન, ઘર, આરોગ્ય તથા શિક્ષણની સુવિધાઓ આપવા માટે આવેદન પત્ર ધ્વારા માંગ કરવામાં આવી હતી.-અખંડ ભારત

# ગુજરાતની ભાથીસેના દિકરીના અભ્યાસનો ખર્ચ ઉઠાવશે



કુંવરસિંહ ચૌહાણ - આંકલાવ પંથકમાં તાજેતરમાં થોડા સમય પહેલા બનેલ નવાખલમાં બનેલી ઘટના કે પાંચ વર્ષની દીકરી તુલસી ને ઉઠાવી જઇ અને તેની તાંત્રિક વિદ્યા કરી મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી તેના સંદર્ભે ભાથીસેના પરિવાર ગુજરાત સંસ્થાપક રજનીસિંહ ચૌહાણ અને ગુજરાત સંગઠનની તમામ ટીમ દ્વારા તે દીકરીના પરિવાર જનો સાથે મુલાકાત કરી ચર્ચા કરવામાં આવી અને તેના પરિવાર ને આશ્વાસન આપી તેમજ તુલસી દિકરીની મોટીબેન છે તેને જ્યાં સુધી અભ્યાસ કરવો હશે ત્યાં સુધીનો તમામ ખર્ચ ભાથી સેના પરિવાર ગુજરાત ઉઠાવશે જેમાં ગામના આગેવાનો અને સરપંચ શ્રી દિલીપસિંહ સોલંકી અને ભાથી સેનાના હોદ્દેદારો હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# વૈકુઠ કાર્યાલયની મુલાકાત..



સુરેશસિંહ જાદવ - વૈકુંઠ કાર્યાલય ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના, દહેગામ તાલુકાના આગેવાનો દ્વારા શુભેચ્છા મુલાકાત કરવામાં આવી જેમાં સંગઠન સંલગ્ન મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.-અખંડ ભારત

# હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દસમાં માળેથી પટકાતા મહિલાનું મોત



સંજીવકુમાર શર્મા - હિંમતનગર શહેરના સિવિલ હોસ્પિટલ ક્વાર્ટર્સમાં આજે સવારે દુઃખદ અને ચકચારભર્યા બનાવનો ભોગ બન્યો હતો, જ્યાં દસમા માળેથી નીચે પડવાથી એક મહિલાનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, મોતીપુરા વિસ્તારની રહેવાસી મહિલા અજાણી પરિસ્થિતિઓ વચ્ચે દસમા માળેથી નીચે પડતા ઘટનાસ્થળે જ જીવ ગુમાવવો પડ્યો હતો. ઘટના પછી આસપાસના રહેવાસીઓ તથા હોસ્પિટલના મુલાકાતીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં મહિલા શર્મિષ્ઠાબેન પરમાર નું મોત નિપજ્યું હતું.મૃતદેહને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ એ ડિવિઝન પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી આરંભી હતી. પોલીસ દ્વારા હાલ આસપાસના લોકોથી પૂછપરછ કરી રહેલ છે તેમજ મહિલાના પરિવારજનોના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે.પ્રાથમિક તપાસના આધારે ઘટનાને આત્મહત્યા તરીકે જોવામાં આવી રહી છે, પરંતુ ચોક્કસ કારણો અંગે તપાસ ચાલુ છે. ઘટનાને લઈને સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.-અખંડ ભારત

# હિંમતનગર ખાતે કરાટે સ્પર્ધા યોજાઇ




*કુંવરસિંહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર આવેલ સાબર સ્ટેડીયમ ભોલેશ્વર ખાતે સાબરકાંઠા જિલ્લા અને અરવલ્લી ઈન્ટર સ્કૂલ કરાટે ચેમ્પિયન શીપ સ્પર્ધા ૨૦૨૫ યોજાઈ જેમાં ચેમ્પિયન શીપ ૧૪ માં શૈલેન્દ્રસિંહ એક્સ આર્મી ના પુત્ર સુશાંતસિંહ સ્પર્ધામાં પ્રથમ નંબરે આવતા શાળા અને મેનેજમેન્ટ આયોજક સ્ટાફ શિક્ષકો દ્વારા પ્રમાણપત્ર આપી અભિનંદન પાઠવ્યા હતા જેમાં મોટી સંખ્યામાં બાળકો વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.અખંડ ભારત*

# સુરખાઈ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



કુંજ પરમાર - ચીખલી તાલુકાની પ્રાથમિક શિક્ષક સંઘ અને ચીખલી તાલુકા ની આજુબાજુની હાઈસ્કુલોના આચાર્યો શિક્ષકશ્રીઓ તથા રેડ ક્રોસ નવસારીના સહયોગ થી આયોજિત શિબિરમાં ૬૬ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# શિમલામાં બોર્ડ મીટીંગ યોજાઈ



ટીલાવત જનકરાય - રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકોના ફેડરેશન (NAFCARD) ની મેમ્બર બેંક હિમાચલ પ્રદેશ રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે તા.૧૩ સપ્ટેમ્બરને શનિવારના રોજ શિમલામાં બોર્ડ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.દેશભરની કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો (ARDBs) ના ચેરમેન, વાઈસ ચેરમેન અને દેશના અગ્રણી સહકારી નેતાઓ બેઠકમાં હાજર રહ્યા હતા. ચર્ચાનું કેન્દ્રબિંદુ ગ્રામીણ ધિરાણ પ્રણાલીને મજબૂત બનાવવા, ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન આપવા, નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરવા અને રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યો અનુસાર સહકારી પહેલનું સંકલન કરવાનો હતો. મીટિંગના મુખ્ય વક્તા અને NAFCARD ના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચાએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝનને સાકાર કરવામાં સહકારી સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો.-અખંડ ભારત

# લાખણીમાં કોંગ્રેસ દ્વારા પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરાઈ



રાજપૂત ભરત સિંહ - બનાસકાંઠા જિલ્લામાં વાવ થરાદ અને સૂઈગામ પંથકમાં ભારે વરસાદના કારણે અનેક પશુઓ ના મોત થયા છે જેમાં અંદાજિત સૂઈગામ તાલુકામાં ૨૫૦ અને વાવ તાલુકામાં ૨૦૦ અને થરાદ તાલુકામાં ૧૫૦ પશુઓના મોત થયા છે તેના કારણે આ ત્રણ તાલુકામાં પશુપાલકોને મોટું નુક્સાન થયું છે અને ભારે વરસાદ ના કારણે પશુપાલકોનો ઘાસચારો પણ પાણીમાં તણાઈ ગયો છે.ત્યારે પશુઓ માટે ઘાસચારા માટે લાખણી તાલુકા કોગ્રેસ ટીમ આગળ આવી છે.જરૂરતમંદ પશુપાલકોના પરિવારો સુધી ઘાસચારો પહોચાડી જીવદયાનું ઉત્તમકાર્ય કોંગ્રેસ ટીમ દ્વારા કરવામાં આવતા આ સેવાકાર્યને સૌએ બિરદાવ્યું હતું.-અખંડ ભારત

# મહીસાગર જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો



જગદીશકુમાર તૂરી - રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર તેમજ જિલ્લા યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી મહીસાગર સંચાલિત શ્રી પી એન પંડ્યા આર્ટસ , કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ લુણાવાડા ખાતે મહીસાગર જિલ્લાના જિલ્લા કક્ષાનો કલામાં યોજાયો જેમાં કાર્યક્રમના અધ્યક્ષ શ્રી પ્રાંત અધિકારી શ્રી ઉમેશ શાહ ,પી એન પંડ્યા કોલેજના પ્રમુખશ્રી અનિલભાઈ પંડ્યા ,કોલેજના પ્રિન્સિપાલ અલ્પેશભાઈ પંડ્યા, અલ્કેશ પટેલ મહીસાગર વ્યામમ મંડળના પ્રમુખશ્રી, કારોબારી અધ્યક્ષ શ્રીનગર પાલિકા સમીર મહેતા, ધવલભાઇ સોની જીસીઆઇના સભ્યશ્રી, તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી શર્મિષ્ઠાબેન વસૈયા , તેમજ અલગ વિભાગના નિર્ણાયકશ્રીઓ, સમગ્ર કાર્યક્રમનું સંચાલન જગદીશભાઈ બારોટ એ કરવામાં આવ્યું.જેમાં મહીસાગર જિલ્લાના કલાકાર કલા કસબીઓ, શાળાના વિદ્યાર્થીઓ,અલગ અલગ કૃતિ એટલે કે ૨૩ કૃતિઓમાં ભાગ લઈ અને જિલ્લા કક્ષાએ પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઅને કલાકારોમાં પડેલી સુષુપ્ત શક્તિ બહાર લાવવા માટે ગુજરાત સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હતો.અખંડ ભારત

# હિંમતનગરમાં "ફ્રી લાઈટ ગરબા નવરાત્રી મહોત્સવ ક્લાસીસ" નો ભવ્ય આરંભ



*સંજીવકુમાર શર્મા - હિંમતનગરના રોનક પાટી પોલ્ટ ખાતે "ફ્રી લાઈટ ગરબા નવરાત્રી મહોત્સવ ક્લાસીસ"નું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું, જેમાં શહેરીજનોની ભારે ઉપસ્થિતિ નોંધાઈ હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમના મુખ્ય પોન્સર્સ તરીકે "સોહમ ફેમેલી સ્ટોર", "લુકાસ હેર એન્ડ બ્યૂટી", "ઓમરાજડેકોર"તથા "ભાગ્યોદય જવેલર્સ" જેવા નામચીન સંસ્થાઓનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો છે.આ અવસરે કાર્યક્રમને ગૌરવમય બનાવતા મહેમાન તરીકે હિંમતનગરના ધારાસભ્ય માન. શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ડૉ. ગોપલાણી સાહેબ, લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ શ્રી મોહનભાઈ નાયી, શ્રી કમલેશભાઈ બી. નાયી, શ્રી પુથ્વીસિંહજી પરમાર તથા વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા ઉપાધ્યક્ષ શ્રીમતી ઉર્વશીબેન ત્રિવેદીની વિશિષ્ટ હાજરી રહી હતી.કાર્યક્રમની વિશેષ આકર્ષણ તરીકે ઉર્વશીબેન ત્રિવેદી દ્વારા દિકરીઓનું શૌર્યપ્રદ તલવારબાજી પ્રદર્શન યોજાયું, જેને ઉપસ્થિત લોકોએ ખૂબ માણ્યું હતું.કાર્યક્રમના આયોજકો તેમજ સહયોગી સંસ્થાઓએ સુંદર આયોજન કરીને હિંમતનગરમાં એક નવી સાંસ્કૃતિક ઉર્જા જન્માવી છે.વિશ્વ હિન્દુ પરિષદ તેમજ સ્થાનિક આયોજક મંડળ દ્વારા આવી રચનાત્મક પ્રવૃત્તિઓ હિંમતનગરના સાંસ્કૃતિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.-અખંડ ભારત*

# સદ્ભાવ યુવા વિકાસ ટ્રસ્ટ, કલ્યાણાની સાધારણ સભા યોજાઈ



રમેશભાઈ ચૌહાણ - સદ્ભાવ યુવા વિકાસ ટ્રસ્ટ,કલ્યાણાની પાંચમી વાર્ષિક સાધારણ સભા પાટણ સેવન ઈલેવન કૉમ્પ્લેક્સ ખાતેની ઓફિસમાં યોજવામાં આવી હતી.સદ્ભાવ યુવા વિકાસ ટ્રસ્ટ, કલ્યાણા (નોંધણી નંબર ગુજ - ૨૫૨૯-પાટણ, રજીસ્ટ્રેશન નંબર એફ -૨૫૧૪-પાટણ) ની પાંચમી વાર્ષિક સાધારણ પાટણ ખાતે યોજવામાં આવી હતી.જેમાં સંસ્થાના ટ્રસ્ટીમંડળ ની મુદત પૂરી થતાં નવીન આજીવન સભ્યશ્રીઓ માંથી સક્રિય સભ્યશ્રીઓને ટ્રસ્ટી તરીકે નિમણુંક કરવામાં આવી.તથા સક્રિય ટ્રસ્ટીઓને પુનઃટ્રસ્ટી તરીકે નિમણુંક કરવામાં આવી.આ સંપૂર્ણ ફેરફાર રિપોર્ટમાં રિપોર્ટિંગ ટ્રસ્ટી તરીકે કાનજીભાઈ સોમાભાઈ ચૌહાણ ની બિનહરીફ વરણી કરી સત્તા આપવામાં આવી હતી.ત્યારબાદ સંસ્થાના આગામી આયોજન બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી.તેમજ ટ્રસ્ટના તમામ સભ્યશ્રીઓએ આગામી સમયમાં સંસ્થામાં અનેક પ્રકાર વિવિધ રચનાત્મક કાર્યો કરીને વધુમાં વધુ સંસ્થા વેગવંતી બને તે દિશામાં દરેક સભ્યશ્રીઓ એ પોતાના સૂચનો વ્યક્ત કર્યા હતાં.-અખંડ ભારત

# ડાંગના સાંસદને સામાજીક આગેવાનો દ્વારા રજૂઆત



ઘિસારામ ચૌધરી - લોકસભાના દંડક તેમજ વલસાડ આહવા ડાંગ સાંસદશ્રી ધવલભાઈ પટેલ ના જનસંપર્ક કાર્યાલય અટલ જન સેવા કેન્દ્ર ખાતે જીલ્લાના વિવિધ સામાજિક આગેવાનો, વિવિધ તાલુકાના નાગરિકો દ્વારા વિવિધ પ્રશ્નો સંદર્ભે રૂબરૂ મળી રજૂઆત કરતા તેમને કરવામાં આવેલ રજૂઆતને ધ્યાને લઈ, ત્વરિત નિરાકરણ માટે સંબંધિત વિભાગને સૂચના આપી હતી.-અખંડ ભારત

# દિલ્હી ખાતે ૨૪ રાજ્યોના સરપંચો સાથ મિટીંગ યોજાઈ




કનુ વાળંદ -નવી દિલ્હી ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી માનનીય સી આર પાટીલ ઉપસ્થિતિમાં સમગ્ર ભારત દેશમાંથી કુલ ૨૪ રાજ્યોમાંથી આવેલા સરપંચો સાથે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ની સરપંચ સંવાદ ટીમ મારફતે આયોજિત સરપંચ સંવાદ નેશનલ કોન્કલેવમાં ચર્ચા કરવામાં આવી હતી. ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ભારત દેશના ૬૦ હજાર સરપંચોને મોબાઈલ એપ્લિકેશન મારફતે જોડવાનું કામ થયેલું છે .

આવનારા દિવસોમાં એક લાખથી વધુ ગ્રામ પ્રધાનો આ પંચાયત એપ્લિકેશન સાથે જોડાશે.આ તબક્કે માનનીય સી.આર.પાટીલે આ કાર્યક્રમ આવનારા સમયમાં વધુ સક્ષમ અને સબળ પુરવાર થશે તેઓ સંપૂર્ણ આશાવાદ વ્યક્ત કર્યો હતો. -અખંડ ભારત

# માણસા ખાતે પોષણ મહોત્સવની ઉજવણી



સુનિલભાઈ - માણસા ખાતે પોષણ મહોત્સવની ઉજવણી અંતર્ગત માણસા નગરપાલિકા પ્રમુખશ્રી જ્યોત્સનાબેન તથા ઉપપ્રમુખ શ્રી બાબુજી અને અન્ય અધિકારી શ્રી તેમજ પદાધિકારી શ્રી ઉપસ્થિત રહેલ જેમાં મીલેટમાંથી બનેલ વાનગીઓમાંથી કાર્યકર બહેનો તેમજ લાભાર્થીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આપી ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# નેત્રંગમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો



*પ્રતીક પ્રજાપતિ - ભરૂચ જિલ્લાના નેત્રંગ પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલ કુલ ૯ મોબાઈલ કિંમત રૂપિયા ૧,૪૮,૦૮૬/- ના શોધી કાઢીને તેમના મુળ માલિકોને પરત કરી પોલીસ "પોલીસ પ્રજાનો મિત્ર" સુત્રને સાર્થક કર્યું હતું.-અખંડ ભારત*

# દેવગઢ બારીયામાં આવેદનપત્ર અપાયું



બારિયા વિજયભાઈ - દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ ગામે ભારે વરસાદમાં કાચું મકાન ધરાશયી થયાના સમાચાર કવરેજ કરવા ગયેલા ખબરપત્રી ઉપર માથાભારે સરપંચે જાનથી મારી નાખવાની ધમકી આપતા પત્રકાર એક્તા પરિષદ ના પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દાહોદ જિલ્લા પોલીસવડાને લેખિતમાં આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.-અખંડ ભારત

# છાણસરામાં લમ્પી વાઈરસના સકંજામાંથી પશુઓને મુક્ત કરાવવા યુવાનો મેદાને



મકવાણા અરજણભાઇ - અબોલ પશુઓમાં થતાં લમ્પી વાઈરસ સામે છાણસરા ગામના યુવાનોએ એક મુહિમ ઉપાડી છે.આ યુવાનો લમ્પી વાઈરસ સામે રક્ષણ પુરૂ પાડતી દવા લાવી તેને લાડવામાં ભેરવી અબોલ પશુઓને ખવડાવી ગાયોને લમ્પી વાઈરસમાંથી મુક્ત કરાવા માટે આગળ આવતા આ સૌ પશુ અને ગૌપ્રેમી યુવાનોની કામગીરીને જીવદયાપ્રેમીઓ બિરદાવી પ્રેરણાદાયી લેખાવી હતી.-અખંડ ભારત

# બાર મુવાડા ગામનો યુવાન નદીમાં ડૂબી જતાં મોત



ઝાલા ધર્મેન્દ્રસિંહ-ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના ગામ બારમુવાડા ગામનો યુવાન ધર્મેન્દ્રસિંહ ઉર્ફે મુકેશ ભાઈ રમેશભાઈ ઝાલા ઉ.વર્ષ ૨૨ તેના પશુઓને લઈ ગામની સીમમાં ચરાવા માટે ગયા બાદ પશુઓના નદીના પાણીમાં ઉતરી જતાં નદીના પાણીમાં ગરકાવ થયેલ પશુઓને બહાર કાઢવા જતાં યુવાન પણ નદીના ઉંડા પાણીમાં ડૂબી ગયાની જાણ આસપાસના લોકોને થતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી નદીમાં ગરકાવ થયેલ યુવાનની શોધખોળ હાથ ધરતા કલાકો બાદ યુવાનનો મૃતદેહ હાથ લાગતા જુવાનજોધ દિકરાના અકાળે નદીમાં ડૂબી જવાથી મોત નિપજયાંના સમચાર મળતા જ પરિવારજનોમાં શોકની કાલિમાં છવાઈ જવા પામી હતી.-અખંડ ભારત

# બડોલી હાઈસ્કુલમાં રક્તદાન કેમ્પ યોજાયો



મનોજકુમાર જોશી - ઈડર તાલુકાના બડોલી હાઈસ્કુલમાં નમો કે નામ રક્તદાન અને ઓપરેશન સિંદૂરના નામે એસ.આર.પી.કેમ્પ મુડેટી તેમજ આજુબાજુના ગ્રામજનો તરફ થી ૫૫૦ ની આસપાસ જેટલું રક્તદાન કરવામાં આવ્યું હતું.દરેક રક્તદાતાને ચા.કોફી.નાસ્તો અને ગિફ્ટ સાથે સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# ઉંચીધનાલ પ્રા.શાળામાં બેગ વિતરણ કરાઈ



દિગવીજય પરમાર

ઉંચી ધનાલ પ્રા.શાળામાં માસ રુરલ હાઉસિંગ એન્ડ મોર્ગેજ ફાઈનાન્સ લિમિટેડ ધ્યારા શાળાના બાળકોને બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે ગામના સરપંચ સહિત શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.-અખંડ ભારત

# મેઘરજમાં શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ



ડિ. કે. પટેલ - ગાયત્રી મંદિર સત્સંગ હોલ મેઘરજ ખાતે યોજાઇ રહેલ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નો આજરોજ થયો શુભારંભ આ પ્રસંગે જિલ્લાના ભાજપના પ્રમુખ શ્રી ભિખાજી ડામોર તથા વતમામ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા અને પોથી યાત્રા સાથે વક્તા શાસ્ત્રી શ્રી શ્રીમાન હર્ષિલભાઈ ભટ્ટ ના સ્વમુખે આ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ થઈ રહ્યો છે કાર્યક્રમના યજમાન પદે શ્રીમતી પ્રેમીલાબેન ભાનુપ્રસાદ જોશી પરિવારે સેવા ની સરવાણી કરી છે. તારીખ ૧૫ થી શરૂ થયેલ સદર કાર્યક્રમ તારીખ ૧૯/૯ /૨૦૨૫ સુધી ચાલનારા આ ભવ્ય કાર્યક્રમનો લાભ મેઘરજ નગરની તમામ પ્રજાને ગાયત્રી પરિવારના તમામ મિત્રો દ્વારા લેવામાં આવશે તેમ આ વિસ્તારના અગ્રણી અને ભાજપના નેતા તથા ચાઈલ્ડ વેલફેર કમિટીના ચેરમેન શ્રી આર.કે પટેલ દ્વારા જણાવવામાં આવેલ છે તેમજ આજુબાજુની ધર્મપ્રેમી જનતાને પણ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા માટે આમંત્રણ પણ આપ્યું છે.-અખંડ ભારત

# ધડાગામમાંથી દેશી તમંચા સાથે ઈસમ ઝડપાયો



ચિરાગ ગુપ્તા- છોટા ઉદેપુર એસઓજી સ્ટાફના માણસો રંગપુર પો.સ્ટે વિસ્તારમા પ્રેટ્રોલીગમા હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકિકત આધારે ધડાગામ પટેલ ફળીયામાં રહેતા ચિંગરીયાભાઈ ગુરજીભાઈ રાઠવાના ઓ પોતાની પાસે એક દેશી હાથ બનાવટનો તમંચો લાયસન્સ પરવાના વગરનો ગેર કાયદેસરનો રાખેલ હોવાની સચોટ માહિતી આધારે સદરી નાઓના કબજા ભોગવટાના રહેણાક મકાનમાં રેઈડ કરતા એક દેશી હાથ બનાવટનો તમંચો મળી આવતા કિંમત રૂપીયા ૫,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરી ચિંગરીયાભાઈ ગુરજીભાઈ રાઠવા રહે. ધડાગામ, પટેલ ફળીયા, તા. જી.છોટાઉદેપુરની અટકાયત કરી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.-અખંડ ભારત

# પ્રાંતિજ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



કુંવરસિંહ ચૌહાણ- સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે મદદગાર પરિવાર અને શૈક્ષણિક સંઘો તેમજ તમામ કર્મચારી મંડળો દ્વારા શેઠ પી એન્ડ આર હાઈસ્કૂલ પ્રાંતિજ ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કર્યું હતું રક્તદાન જરૂરીયાત મંદો માટે જીવન દાન છે રક્તની અછતથી સર્જાતી સમસ્યા અટકાવી જરુરીયાત મંદનો જીવ બચાવીએ રક્તદાન કેમ્પમાં ઉપસ્થિત સાબરકાંઠા જિલ્લા સાંસદ શોભનાબેન બારૈયા પ્રાંતિજ શહેર અધ્યક્ષ કુશવભાઇ બ્રહ્મભટ્ટ મહામંત્રી ચિંતનભાઈ આચાર્ય શ્રી અને શિક્ષકો સરકારી કર્મચારીઓ હાજર રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.અખંડ ભારત

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા આવેદનપત્ર અપાયા



મિતેશ પટેલ-અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ABRSM) – ગુજરાત દ્વારા આજે સમગ્ર રાજયમાં ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું હતું. રાજયના તમામ જિલ્લા તથા મહાનગર એકમો દ્વારા એકસાથે જિલ્લા કલેક્ટરશ્રીને આવેદનપત્રો સોંપી, ગુજરાતભરના લાખો શિક્ષકોની લાગણીઓ અને માંગણીઓને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને પહોંચાડવામાં આવી.જેમાં નામદાર ન્યાયાલયનો આ નિર્ણય ૨૦૧૦ પહેલા નિયુક્ત શિક્ષકો પર લાગુ ન કરવામાં આવે. માન્ય નિયમો અનુસાર અસર પામતા તમામ શિક્ષકોની નોકરી તથા ગરિમા સુરક્ષિત કરવામાં આવે. આ સમસ્યા ને અનુરૂપ યોગ્ય નીતિગત નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી.રાજયના દરેક જિલ્લામાં એક જ દિવસ, એક જ સમયે થયેલા આ અભિયાન દ્વારા શિક્ષકોની એકતા અને સંકલ્પનો અનોખો સંદેશ સમગ્ર દેશમાં પ્રસર્યો છે. એબી આરએસએમ નો સ્પષ્ટ મત છે કે જેમ શિક્ષણમાં ગુણવત્તા બનાવી રાખવી જરૂરી છે, તેમ જેઓએ પોતાનું સંપૂર્ણ જીવન પવિત્ર શિક્ષણ માટે સમર્પિત કર્યું છે તેવા શિક્ષકોના અધિકાર તથા સન્માનને પણ બનાવી રાખવું જરૂરી છે.અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ – ગુજરાતના અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ તથા મહામંત્રી પરેશભાઈ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ સામૂહિક અવાજને માન આપી કેન્દ્ર સરકાર શિક્ષકોના હિતમાં સકારાત્મક નિર્ણય કરશે. વર્તમાન સમયમાં ઉભી થયેલ આ સમસ્યા અંગે આગામી દિવસોમાં અખિલ ભારતીય કક્ષાએથી આપવામાં આવનાર સૂચના અનુસાર સંગઠન આગામી કાર્યક્રમને અમલમાં લાવશે. કેન્દ્રીય નેતૃત્વ દ્વારા આગામી સમયમાં કેન્દ્ર સરકારમાં પણ રજૂઆત કરવામાં આવશે.-અખંડ ભારત

# ઘોઘંબામાં રક્તદાન કેમ્પ યોજાયો



પરમાર સજ્જન સિંહ - ઘોઘંબા તાલુકા ખાતે શ્રી એસ.એસ હાઈસ્કૂલમાં નમો કે નામ રક્તદાન સેવા શિબિર અંતર્ગત ઘોઘંબા તાલુકાના આગણવાડી કાર્યકરો દુકાનદાર મિત્રો નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરી કેમ્પને સફળ બનાવ્યો હતો.-અખંડ ભારત

# રાજપીપલામાં શ્રી હરસિદ્ધી માતા મંદિરે યોજાતા માતાજીના મેળાના આયોજન સંદર્ભે બેઠક યોજાઈ



જીતેન્દ્રસિંહ હિન્દુ દેવસ્થાન સિમતિ દ્વારા સંચાલિત માઁ હરિસિદ્ધિ મંદિર-રાજપીપલા ખાતે પ્રતિવર્ષ નવરાત્રીના પર્વમાં મંદિર પરિસરની આસપાસ ભાતીગળ મેળો યોજાય છે. તેવી જ રીતે આ વર્ષે પણ આગામી તારીખ ૨૨મી સપ્ટેમ્બરથી ૦૧ ઓક્ટોબર દરમિયાન મેળો યોજાનાર છે. જેમાં સ્ટોલની ફાળવણી સહિત વ્યવસ્થાની અન્ય મહત્વની બાબતો સંદર્ભે મદદનીશ કલેક્ટરશ્રી અને નાંદોદના પ્રાંત અધિકારી સુશ્રી પરશનજીક કૌરની અધ્યક્ષતામાં આજે પ્રાંત કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. શ્રી હરસિદ્ધી માતાના મંદિરે પ્રતિ વર્ષ નવરાત્રીના સમય દરમિયાન અન્ય રાજયો અને સમગ્ર ગુજરાતમાંથી તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ દર્શનાર્થે અને મેળામાં મ્હાલવા માટે આવતા હોય છે. ત્યારે મેળાનું આયોજન સુચારુ રીતે થાય, દર્શનાર્થીઓને કોઈ મુશ્કેલી ન થાય અને યોગ્ય હરાજી થકી પ્લોટની ફાળવણી થાય તે જોવા પ્રાંત અધિકારીશ્રીએ ઉપસ્થિત સંબંધિત વિભાગોને જરૂરી સૂચનો કર્યા હતા. સાથે મેળામાં મ્હાલવા આવતા લોકોને પાર્કિંગ, આરોગ્ય, ફાયર વિભાગ, પોલીસ સુરક્ષા સાથે મેળામાં યોગ્ય સ્વચ્છતા જળવાઈ રહે તેમજ વાહન વ્યવહાર માટે ટ્રાફિક રૂટની યોગ્ય સુવિધા થાય, મેળામાં આવતા લોકોને ધ્યાનમાં રાખીને પુરતા પ્રમાણમાં ટોઈલેટ બ્લોકની વ્યવસ્થા થાય તે જોવા પણ જિલ્લા મદદનીશ કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો હતો.મંદિર ટ્રષ્ટ તરફથી બેઠકમાં ઉપસ્થિત પ્રતિનિધિશ્રીઓએ મેળા અને દર્શનને લઈને કેટલાંક સૂચનો કરતા વ્યવસ્થામાં કોઈ તૃટી ન રહે તે જોવા પણ પ્રાંત અધિકારીશ્રીએ ઉપસ્થિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. સાથે મેળામાં આવતી વિવિધ રાઈડની યોગ્ય ચકાસણી થાય અને કોઈ મુશ્કેલી ન સર્જાય તે જોવા ઉપર પણ તેઓએ ખાસ ભાર મૂક્યો હતો.-અખંડ ભારત

# ધામળેજમાં વીર વછરાજ દાદા ની ભવ્ય શોભાયાત્રાનું આયોજન



પ્રતાપ વાઢેર- ધામળેજ ગામ સમસ્ત ગામના લોકો અને હજારોની સંખ્યામાં વીર વાછરાદાદા ની શોભાયાત્રા આખા ગામમાં ફેરવવામાં આવે છે. આ શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં ભાઈઓ બહેનો અને વડીલો સાથે રહી આ શોભા યાત્રાનો આનંદ અનુભવે છે.આ શોભાયાત્રા રંગે ચંગે ડીજે ના નાદ સાથે ધૂન કીર્તન અને જયકાર સાથે નીકળે છે, અને શોભાયાત્રા પૂર્ણ થયા બાદ ફરી મંદિરે વીર વછરાજ ની શોભાયાત્રાને વિરામ આપવામાં આવે છે.અને મહાપ્રસાદીનું આયોજન પણ કરવામાં આવ્યું સમસ્ત ગામ સાથે રહી તમામ સમાજના લોકો સાંજના ૫:૦૦ વાગ્યાના સમયે સૌ સાથે રહી અને પ્રસાદ ગ્રહણ કરે છે આ શોભાયાત્રા દર વર્ષે ભાદરવા મહિનાના છેલ્લા સોમવારે કાઢવામાં આવે છે.-અખડં ભારત

# ભદ્રેશી–વણા માર્ગનું રૂ. ૬.૪૦ કરોડના ખર્ચે નવિનીકરણ કરાશે



ભાડકા દિનેશભાઈ - સુરેન્દ્રનગર જિલ્લામાં ભદ્રેશી અને વણા ગામને જોડતા માર્ગનું ખાતમુહૂર્ત નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ માર્ગનું નિર્માણ રૂ. ૬.૪૦ કરોડના ખર્ચે થવાનું છે.આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, "આજનું ખાતમુહૂર્ત માત્ર એક રસ્તાનું નથી, પરંતુ સમગ્ર વિસ્તારના વિકાસ અને પ્રગતિનું ખાતમુહૂર્ત છે. આ માર્ગથી ભદ્રેશી, વણા તેમજ આસપાસના ગામોના લોકોને અવરજવર સરળ બનશે, ખેડૂતોને પોતાના પાકને બજારમાં પહોંચાડવામાં મદદ મળશે તેમજ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે જવા-આવવામાં સુવિધા મળશે.તેમણે ઉમેર્યું હતું કે રાજય સરકાર ગ્રામીણ માર્ગોના વિકાસ માટે કટિબદ્ધ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતના છેવાડાના ગામડાઓ સુધી શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ પહોંચાડવાનો સંકલ્પ છે. ભદ્રેશી–વણા માર્ગનું નિર્માણ પણ આ જ પ્રયાસનો એક ભાગ છે.આ તકે ધારાસભ્ય શ્રી પી.કે. પરમાર સહિત તાલુકા પંચાયતના પદાધિકારીશ્રીઓ, સ્થાનિક આગેવાનો, પંચાયત સભ્યો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# લુણાવાડામાં કલા -મહાકુંભ યોજાયો



શૈલેષભાઈ પરમાર - મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં પી.એન પંડ્યા કોલેજ ખાતે કલા મહાકુંભ યોજવામાં આવ્યો જેમાં કાર્યક્રમની શરૂઆત મહીસાગર જિલ્લાના એસ ડી એમ તેમજ અલગ અલગ રમતગમત તેમજ શિક્ષણ વિભાગના અધિકારી સાહેબ શ્રી દ્વારા માહિતગાર કરવામાં આવ્યા તેમજ મહીસાગર જીલ્લાની અલગ અલગ શાળાઓમાંથી વિદ્યાર્થીઓએ અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી જેમાં એક પાત્રીય અભિનય, રાસ ગરબા, લોક વાર્તા ,ગઝલ ,કાવ્ય લેખન,વગેરે કૃતિઓને આનંદ અને ઉલ્લાસબેર ઉજવણી કરવામાં આવી હતી.-અખંડ ભારત

# પાંચકુહાડા પ્રા.શાળામાં સુવિધા ઉપલબ્ધ કરાઈ



યુસુફભાઈ કલાલ -ધનસુરા તાલુકાની પાંચકુહાડા પ્રાથમિક શાળામાં શાળાના બાળકોને સ્વચ્છ અને ચોખ્ખું પાણી મળી રહે તે હેતુથી ૧૫૦ લીટરની ક્ષમતા વાળો આર ઓ વિથ કુલર પ્લાન્ટની સુવિધા સરકાર શ્રી ની ગ્રાન્ટ માંથી કરવામાં આવી હજી પણ ખૂટતી સુવિધાઓ માટે પાંચકુહાડાના જાગૃત સરપંચ શ્રી યુસુફભાઈ કલાલ દ્વારા વિવિધ વિભાગમાં માંગણી કરેલ છે.-અખંડ ભારત

# હાજીપીર થી દેસલપર ગુતલી રોડ બનાવવા માંગ



*નૂરમામદ ખમીસા કચ્છના હાજીપીર થી દેસલપર ગુતલી રોડ ખખડધજ બની જતાં આ વિસ્તારના પ્રજાજનોને ખખડધજ માર્ગને કારણે આવન જાવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોઈ તાત્કાલિક અસર થી સ્થાનિક તંત્ર અને સરકાર દ્વારા આ વિસતારના પાકા માર્ગની સુવિધા ઉપલબ્ધ કરાવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.-અખંડ ભારત*

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697